આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




## વલસાડમાં કાશ્મીરનગરના પૂરગ્રસ્તો સાથે સહાયના નામે મજાક?

**પૂરગ્રસ્ત અને બેઘર બનેલા પરિવારદીઠ રૂ. ૬૮૦૦ના બદલે ખાતામાં માત્ર ૧૮૦૦ જમા થતાં ભારે રોષ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૩ :** બે અઠવાડિયા અગાઉ વલસાડ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ભયાનક રેલે ચારેય તરફ ભારે તારાજી સર્જી હતી. પૂરના પાણીમાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા અનેક પરિવારના ઘર, કપડાં, વાસણ અને અનાજ સહિતની જીવનજરૂરી સામગ્રી તણાઈ ગઈ હતી. ઘરવિહોણા બનેલા આ લાચાર લોકોને નગરપાલિકા દ્વારા અલગ-અલગ આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. પરંતુ, આ કુદરતી આફતમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહેલા પૂરગ્રસ્તો પર હવે વહીવટી તંત્રની ઘોર બેદરકારીનો પહાડ તૂટી પડ્યો છે. સરકાર દ્વારા પૂરગ્રસ્ત અને બેઘર બનેલા પરિવારદીઠ રૂ. ૬,૮૦૦ ની આર્થિક સહાય સીધી બેંક ખાતામાં જમા કરવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા કાશ્મીર નગરના પૂરપીડિતોના બેંક ખાતામાં માત્ર રૂા. ૧,૮૦૦ જ જમા થતાં લોકોમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. સર્વસ્વ ગુમાવી ચૂકેલા કાશ્મીર નગરના રહીશોનું કહેવું છે કે, આવી કપરી અને સંકટની સ્થિતિમાં પણ સરકાર અને વહીવટી તંત્ર તેમની સાથે ભેદભાવ કરી રહ્યું છે. એક જ શહેરમાં અન્ય વિસ્તારોમાં નક્કી થયેલી પૂરી રકમ મળી રહી છે, ત્યારે કાશ્મીર નગરના ગરીબ અને આફતઝદા લોકો સાથે જ કેમ આવો અન્યાય કેમ? અમારા ઘરવખરી પાણીમાં તણાઈ ગઈ છે, ખાવાના ફાંફા છે અને વહીવટી તંત્ર માત્ર ૧૮૦૦ રૂપિયા ફેંકીને અમારી મજાક ઉડાવી રહ્યું છે. ભૂલ કે ભેદભાવ અન્ય વિસ્તારોમાં નક્કી કરાયેલી સહાય અને કાશ્મીરનગરમાં માત્ર ૧૮૦૦ રૂપિયા કેમ ક્યાં અટવાયા ૫૦૦૦ રૂપિયા? સરકારી ચોપડે બોલાતી સહાયની પૂરી રકમ પીડિતો સુધી કેમ ન પહોંચી ક્યારે મળશે ન્યાય આ કપરા સમયે લાચાર બનેલા લોકોને વહેલી તકે પૂરી રકમ ચૂકવવામાં આવશે કે પછી કાગળ પર જ રાહત અપાશે. હાલ તો રહેઠાણ ગુમાવી ચૂકેલા લોકો આ અડધીપડધી સહાય અને સરકારની બેવડી નીતિ સામે ભારે વિરોધ નોંધાવી રહ્યા છે. જો વહેલી તકે તેમને હકની પૂરી સહાય નહીં મળે તો આગામી દિવસોમાં પૂરપીડિતો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

**ગાંજો ઓરિસ્સાથી સેલવાસ પહોંચે તે પહેલાં જ**

## વાપીથી રૂા. ૨૧ લાખના ૪૨.૧૮૦ કિલો ગાંજા સાથે ૧ ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** ઓરિસ્સા રાજ્યથી સેલવાસ સંઘ પ્રદેશમાં ગેરકાયદેસર રીતે લઈ જવાતા માદક પદાર્થ ગાંજાના મોટા જથ્થા સાથે વલસાડ જિલ્લા SOGએ એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ. ૨૧,૨૨,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી NDPS એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, સુરત વિભાગ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.પી. પરમારની રાહબરી હેઠળ લ્બ્ગ્ની ટીમ વલસાડ જિલ્લામાં એન.ડી.પી.એસ.ની પ્રવૃત્તિ અંગે પેટ્રોલિંગ કરી રહી હતી.

દરમિયાન SOG ના પોલીસ કર્મીઓને મળેલી બાતમીના આધારે તા. ૦૩/૦૮/૨૦૨૬ ના રોજ વાપી, ગીતાનગર પોલીસ ચોકી સામે આવેલ જુના ફાટક તરફ જતા રોડ ઉપર, કરીમા સાડી હોલસેલની દુકાનની સામે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા આરોપી સંજય ઉર્ફે સંજય મારવાડી S/O પ્રકાશ લુંબાજી પરમાર ઉ.વ. ૨૫, ધંધો-બેકાર, હાલ રહે. ફલેટ નં. ૧૫, પ્રતિભા કોમ્પ્લેક્સ, બાલાજી મંદિર રોડ, આમલી, દાદરા નગર હવેલી અને મૂળ રહે. ગામ બાલી, તા. જી. પાલી, રાજસ્થાનને ઝડપી પાડવામાં આવ્યો. પોલીસે તેની પાસેથી ગેરકાયદેસર વગર પાસ-પરમીટનો ગાંજાનો જથ્થો ૪૨.૧૮૦ કિલો ગ્રામ કિ.રૂ. ૨૧,૦૯,૦૦૦, મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ. ૧૦,૦૦૦, રોકડા રૂ. ૩,૩૦૦ અને ગાંજો ભરવા ઉપયોગમાં લીધેલ થેલાઓ નંગ-૫ કિ.રૂ. ૩૦૦ મળી કુલ્લે રૂ. ૨૧,૨૨,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી વિરુદ્ધ NDPS એક્ટ ૧૯૮૫ ની કલમ ૮ (સી), ૨૦ (બી), (II) (સી), ૨૯ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

તપાસમાં ખુલ્યું કે આરોપી સંજય મારવાડી વિરુદ્ધ અગાઉ પણ ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફઝભ્લ્ એક્ટનો ગુનો નોંધાયેલો છે. આ સમગ્ર કામગીરી પીઆઈ ડી.પી. પરમાર, પીએસઆઈ એસ.આર. સુસલાદે સહિત એસઓજીની ટીમે હાથ ધરી હતી.

**નેમિનાથ ટ્રેડર્સ**

ખીલા
વાયર
વેલ્ડમેસ
ખીલી
હુક
જાળી
નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

## નાનાપોંઢામાં જિલ્લાકક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ ઉજવાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લા કક્ષા (૧૫મી ઓગસ્ટ) સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નવરચિત નાનાપોંઢા હેલીપેડ ગ્રાઉન્ડ નાનાપોંઢા-કપરાડા રોડ ખાતે કરવામાં આવશે. જેની તૈયારીના ભાગરૂપે કલેકટર નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આદિજાતિ વિકાસ અને વલસાડ જિલ્લા પ્રભારીમંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન થશે.

જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિવિધ વિભાગો સાથે કરવાની થતી કામગીરીની વિસ્તત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પોલીસ પરેડ, વિવિધ દેશભકિતના સાંસ્કતિક કાર્યક્રમો થશે. જેની તૈયારીઓ વહીવટીતંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. કાર્યક્રમને અનુલક્ષીને કામગીરી સુપેરે પાર પડે તે માટે જુદા જુદા અધિકારીઓને ફરજો સોંપવામાં આવી છે.

## પારડી તાલુકામાં ખેડૂતોને સર્વે કરી સહાય માટે આવેદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અતિ ભારે વરસાદથી સામાન્ય પરિવારો અને ખેડૂતોને નુકસાન પેટે સક્ષમ અધિકારી મારફતે સર્વે કરી જરૂરી સહાય અને સમય મર્યાદામાં સહાય કરવા બાબતે પારડીના પ્રાંત અધિકારી મારફતે રાજયપાલને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ વસંતભાઈ બરજુલભાઈ પટેલની રાહબારી હેઠળ પારડી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સતિષભાઈ પટેલ વગેરે અગ્રણીઓ સાથે કોગ્રેસીઓ પ્રાંત કચેરીમાં પહોંચ્યા હતા અને પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. પ્રાંત અધિકારી નિરવભાઈએ જણાવ્યું હતું કે પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી કરવામાં આવી છે સહાય ચૂકવવામાં આવી છે. જેમના મકાનને ક્ષતિ હોય એમને રાજય સરકાર દ્વારા વળતર આપવામાં આવી રહ્યું છે તથા આ કામગીરી માટે જરુરી સુચનાઓ અપાઈ હોવાનું ઉમર્યુ હતું.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ વસંતભાઈએ જણાવ્યું હતું સતિષભાઈએ કહ્યું હતું કે જેમના ડોક્યુમેન્ટ ખોવાઈ ગયા છે એવા લોકોને પ્રમાણપત્ર આપવામાં આવે અને તાત્કાલિક માંગણીઓ સ્વીકારવામાં આવે એવી રજૂઆત કરી હતી.

## જિલ્લામાં ખેડૂતો મોબાઈલ એપથી ખાતરનું બુકીંગ કરાવી શકશે

**વલસાડ, તા. ૦૩ :** ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે તેમજ સમયસર ઉપલબ્ધ થાય તે હેતુસર "FSAS –Fertilizer Sale Application System" એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશન દ્વારા ખેડૂતઓ રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા/સહકારી મંડળી પરથી ખાતર ખરીદતા પહેલા મોબાઈલ મારફતે ખાતરનું "FSAS –Fertilizer Sale Application System" (અગાઉથી બુકિંગ) કરી શકશે. જેના કારણે ખાતરની ઉપલબ્ધતા અંગે પૂર્વ માહિતી તેમજ ખાતર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, સુવ્યવસ્થિત અને પારદર્શક બનશે.

ઉપરોક્ત સિસ્ટમની અમલવારી આગામી ટુંક સમયમાં જિલ્લામાં શરૂ થનાર છે. આ નવી ડિજિટલ વ્યવસ્થા દ્વારા ખાતર વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, બિનજરૂરી ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરવામાં સહાય મળશે. જેથી જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને અનુરોધ કરવામાં આવે છે કે, પોતાની ખેડૂત નોંધણી કરાવી તેઓ આ નવી એપ્લિકેશન મારફત ખાતર ખરીદી અંગે માહિતી મેળવી તેનો વધુમાં વધુ લાભ મેળવે તથા આગામી સમયમાં શરૂ થનારી Pre-booking સુવિધાનો ઉપયોગ કરવા માહિતગાર રહે.જિલ્લાના ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે નજીકની તાલુકાના મદદનીશ ખેતી નિયામકની કચેરી તથા નાયબ ખેતી નિયામક (વિ.) ની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## વાપીમાં મનપાએ રખડતા પશુઓ પકડવાનું શરુ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપી ટાઉન, ચલા વિસ્તાર તેમજ રેલવે સ્ટેશન બહારથી ગાંધી સર્કલ તરફ જતા મુખ્ય માર્ગ પર રખડતા પશુઓના ત્રાસથી શહેરીજનો, વાહનચાલકો અને રાહદારીઓ લાંબા સમયથી પરેશાન હતા. વારંવાર અકસ્માતો અને પશુઓના હુમલાના બનાવો બનતા નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકાએ ગઈકાલે વાપી ટાઉન ના નેહરુ સ્ટેટ અને હનુમાન મંદિર દેસાઈવાડ વિસ્તારમાં રખડતા છથી વધુ પશુઓને પકડી ટ્રેક્ટરમાં રાખી તેમને રાતા પાંજરાપોળમાં મોકલવાની કામગીરી શરૂ કરી છે. મનપાની આ કાર્યવાહીથી નાગરિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ કેટલાક પશુપાલકો દૂધ આપવાનું બંધ કરેલા પશુઓને રસ્તા પર રખડતા છોડી દેતા હોવાથી શહેરમાં આ સમસ્યા ગંભીર બની છે. વહીવટી તંત્ર અને વાપી મહાનગરપાલિકા દ્વારા આવા પશુપાલકોની ઓળખ કરી તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. ઉલ્લેખનીય છે કે રખડતા પશુઓના કારણે વાપી ટાઉન મા મુખ્ય રસ્તા ઉપર તેમજ આંતરિક રસ્તા ઉપર વાહન અકસ્માતો ઉપરાંત રાહદારીઓ પર હુમલાના બનાવો પણ બની રહ્યા છે. શહેરમાં જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા સતત અભિયાન ચલાવી જવાબદાર પશુપાલકો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ નગરજનો કરી રહ્યા છે.

**બે માસથી વતન ગયેલો ભાડૂત પરત ન આવતાં મકાન માલિકે શંકાથી બંધ મકાન ખોલતાં જ પગ નીચેથી ધરતી ખસી ગઈ**

## સેલવાસમાં બેગમાંથી મહિલાનો સડેલો મૃતદેહ મળ્યો : લાશ કોની ?

**મૃતદેહ ઓળખી ન શકાય એટલી હદે વિકૃત થઈ ગયો હતો : પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ; મોડી રાત સુધી પોલીસે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નહીં**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૩ :** શહેરના દાન હોટલ પાછળ આવેલા ભાડાના મકાનમાંથી સોમવારે બેગમાં મહિલાનો સડી ગયેલો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. મૃતદેહ એટલી ખરાબ હાલતમાં હતો કે સ્થળ પર તેની ઓળખ શક્ય બની નહોતી. બનાવની જાણ થતાં જ સિલવાસા પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, મકાનમાં રહેતા ભાડૂતે અંદાજે બે મહિના પહેલાં મકાનમાલિકને જણાવ્યું હતું કે તે પોતાના વતન જઈ રહ્યો છે અને થોડા દિવસોમાં પરત આવશે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે તે મોડી રાત્રે મકાન છોડીને નીકળી ગયો હતો અને ત્યારબાદ પરત ફર્યો નહોતો.

સ્થાનિક લોકો પાસેથી મળતી માહિતી મુજબ, છેલ્લા બે મહિનાથી મકાનનું ભાડું પણ ચૂકવવામાં આવ્યું નહોતું. અનેક વખત સંપર્ક કરવાનો પ્રયાસ છતાં ભાડૂત પરત ન ફરતા અને મકાન સતત બંધ રહેતાં મકાનમાલિકને શંકા ગઈ. ત્યારબાદ તેણે તાળું ખોલાવી મકાનની અંદર પ્રવેશ કર્યો હતો.

તપાસ દરમિયાન બાથરૂમમાં રાખેલી એક બેગમાંથી મહિલાનો સડી ગયેલો મૃતદેહ મળી આવતા તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતદેહની હાલત જોતા સ્થળ પર તેની ઓળખ થઈ શકી નહોતી.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. સમાચાર લખાઈ રહ્યા હતા ત્યાં સુધી પોસ્ટમોર્ટમ પૂર્ણ થયું નહોતું તેમજ મહિલાની ઓળખ પણ થઈ શકી નહોતી. મૃતદેહની હાલતને જોતા પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે કે મહિલાનું મોત ઘણા અઠવાડિયા પહેલાં થયું હોઈ શકે છે. જોકે તેની સત્તાવાર પુષ્ટિ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ થઈ શકશે.

સમાચાર લખાઈ રહ્યા હતા ત્યાં સુધી આ સમગ્ર મામલે સિલવાસા પોલીસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નહોતું. તેથી ભાડૂતના જવાના સંજોગો, ભાડું ન ચૂકવવા સહિતની વિગતોની સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે. પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ આગળ ધપાવી રહી છે.

## દમણમાં ગૌ સન્માન અભિયાન હેઠળ રેલી યોજી આવેદન અપાયું

**દમણમાં બીજા તબક્કામાં ૯,૩૭૫ સહીંઓ સહિત કુલ ૨૨,૫૦૦ સહીં સાથે ગૌ હત્યા પ્રતિબંધની માંગ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૩ :** 'ગાય સન્માન દિવસ' નિમિત્તે, દમણમાં રાષ્ટ્રવ્યાપી 'ગાય સન્માન આહવાહન અભિયાન' ના બીજા તબક્કાના ભાગ રૂપે, દમણમાં કાર્યકરોએ ૯,૩૭૫ નાગરિકોના હસ્તાક્ષરો સાથે મોટી દમણમાં કલેકટર કચેરીએ પહોંચી જિલ્લા વહીવટીતંત્રને એક અરજી સુપરત કર્યુ હતું. કલેકટર વતી આ આવેદન પત્ર ડે. કલેકટર આરતી અગ્રવાલે સ્વીકાર્યુ હતું. આ અરજીમાં દેશભરમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા અને ગાયને રાષ્ટ્રીય સન્માન આપવાની માંગ કરવામાં આવી હતી. આ ઝુંબેશ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આ સહી ઝુંબેશ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશના બીજા તબક્કાનો એક ભાગ છે. જેમાં દમણના ૨૨,૫૦૦ સહીઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં વિકાસભાઈ પટેલ, ઉજ્જવલ પટેલ, સિમ્પલબેન કાટેલા, નરેશ જાંગીડ, લીલાધરજી, સુખદેવજી સહિત ૨૦૦ થી વધુ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ ન આવે અને ગાયને રાષ્ટ્રીય માન્યતા ન મળે ત્યાં સુધી આ ઝુંબેશ ચાલુ રહેશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## કુકેરીમાં ગ્રામજનોનો ૬ માર્ગીય કોરિડોરનો ભારે વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૩ :** બીલીમોરા, ચીખલી, વાંસદા વઘઈ કોરિડોર માર્ગ માટે કુકેરીગામે ગ્રામસભા યોજાઈ ગ્રામજનો દ્વારા નવા બનનારા માર્ગ માટે વિરોધનો સુર વ્યક્ત કરાયો.

બીલીમોરા, ચીખલી, વાંસદા, વઘઈ કોરિડોર માર્ગ જે છ માર્ગીય બનનાર હોય આ અંગે ગ્રામજનો નો અભિપ્રાય લેવા કુકેરી ગામે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ગ્રામજનો દ્વારા ભૂતકાળમાં પણ થયેલી જમીન સંપાદનનું વળતર ચૂકવેલ ન હોય આ ઉપરાંત એક્સપ્રેસ હાઈવે અને બુલેટ ટ્રેનમાં જે જમીનનું વળતર ખેડૂતોને આપવામાં આવ્યુ હતું. તે પ્રમાણેનું વળતર ખેડૂતોને મળવું જોઈએ ગ્રામસભામાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા બીલીમોરા, ચીખલી, વાંસદા, વઘઈ કોરિડોર માર્ગ માટે થોડા દિવસો અગાઉ થાલા ગામે ગ્રામસભા યોજાઈ હતી. જેમાં પણ વિરોધનો સુર ઊઠવા પામ્યો હતો. આ ઉપરાંત વાંસદા તાલુકામાં પણ યોજાયેલી ગ્રામ સભામાં ઉપરોક્ત કોરીડોર માર્ગના વિરોધમાં ૧૫થી વધુ જેટલી ગ્રામ પંચાયતોની ગ્રામસભામાં વિરોધનો સુર ઉઠ્યો હતો. ત્યારે નવસારી અને ડાંગ જિલ્લા માટે ખૂબ જ મહત્વનો આદિવાસી વિસ્તારનો આ પ્રોજેક્ટ સાકાર પામશે કે કેમ ?

## નવસારી ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ, દવા છંટકાવ અને ક્લોરીનેશનની કામગીરી શરુ





(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૩ :** નવસારી જિલ્લામાં ભારે વરસાદના પાણી ઓસર્યા બાદ ગ્રામ્ય વિસ્તારોમાં જન આરોગ્યને ધ્યાનમાં રાખીને સફાઈ, દવા છંટકાવ અને પીવાના પાણીના સ્ત્રોતોમાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતો, આરોગ્ય વિભાગ અને સંબંધિત વિભાગોના સંકલનથી આ કામગીરી ઝુંબેશના સ્વરૂપે શરૂ કરવામાં આવી છે.

અસરગ્રસ્ત ગામોમાં રસ્તાઓ, જાહેર સ્થળો અને પાણી ભરાયેલા વિસ્તારોની સફાઈ ઉપરાંત જંતુનાશક દવાનો છંટકાવ તથા પીવાના પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવા, શુદ્ધ પાણીનો ઉપયોગ કરવા અને આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## ચીખલી પોલીસ મથકના એએસઆઈનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૩ :** ચીખલી પોલીસ મથકમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા કિશનભાઈ ભોયે વય મર્યાદા ને કારણે નિવૃત્ત થતા જેનો નિવૃત્તિ વિદાય સમારંભ ચીખલી પોલીસ મથકના પીઆઈ પી.બી. પટેલિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં પોલીસ સ્ટાફ તથા પોલીસ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ચીખલી પોલીસ મથકમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા કિશનભાઇ સખારામ ભોયે રહે. બોરખેત તા.આહવા જી. ડાંગ જે તારીખ ૧.૧.૧૯૯૧થી પોલીસ ખાતામાં કોન્સ્ટેબલ તરીકે વલસાડ જિલ્લાના પારડી પોલીસ મથકથી નોકરીની શરૂઆત કરી હતી. ત્યારબાદ વલસાડ અને નવસારી જિલ્લો છૂટો પડતા નવસારી જિલ્લાના જલારપુર તાલુકાના મરોલી પોલીસ મથક વાંસદા, નવસારી સીપીઆઈ કચેરી, નવસારી પોલીસ હેડ કવાર્ટર, ખેરગામ અને ત્યારબાદ ચીખલી પોલીસ મથકમાં એ.એસ.આઇ તરીકે નિવૃત્ત થયા છે જોકે કિસન ભોયે ૧૭ મહિના સુધી પીએસઆઇ તરીકેની સફળ કામગીરી બજાવી હતી હસમુખો સ્વભાવ અને તટસ્થ કામગીરીને લઈ પોલીસ કર્મચારીઓ કિશનભાઈ ભોયેને હંમેશા યાદ રાખશે વયમર્યાદાને કારણે નિવૃત થતા કિશનભાઇ ભોયેને પોલીસ કર્મચારીઓ દ્વારા મોમેન્ટ આપવામાં આવી હતી અને ઢોલ નગારા સાથે વાજતે ગાજતે ફૂલહાર અને પુષ્પો ગુચ્છ અર્પણ કરી વિદાય આપવામાં આવી હતી.

## ડાંગ જી.પં.ની વિવિધ સમિતિઓના ચેરમેનોની સર્વાનુમતે વરણી કરાઈ

**સાપુતારા, તા. ૦૩ :** ડાંગ જિલ્લા પંચાયતમાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી થયા બાદ આજરોજ તમામ નવ નિયુક્ત ચેરમેનોએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, થોડા દિવસો અગાઉ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીતનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ આજે વિવિધ સમિતિનાં ચેરમેનોને વિધિવત પદભાર સોંપવામાં આવ્યો હતો.જેમાં (૧)જાહેર બાંધકામ સમિતિનાં ચેરમેન તરીકે ચંદ્રકલાબેન નગીનભાઈ ગાવીત,(૨)ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિનાં ચેરમેન તરીકે જીતેન્દ્રભાઈ દામૂભાઈ પવાર, (૩)શિક્ષણ સમિતિનાં ચેરમેન તરીકે શંકરભાઈ જીવરામભાઈ પવાર, (૪) કારોબારી સમિતિનાં ચેરમેન તરીકે યોગીતાબેન વિજયભાઈ પવાર, (૫) સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન તરીકે સુંદરબેન શૈલેષભાઈ ચૌધરી, (૬) જાહેર આરોગ્ય સમિતિનાં ચેરમેન તરીકે દિનેશભાઈ રમેશભાઈ હિલીમ તથા (૭)મહિલા અને બાળ વિકાસ સમિતિનાં ચેરમેન તરીકે કમળાબેન હિરાભાઈ રાઉતની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.જ્યારે જિલ્લા પંચાયતની મહત્વપૂર્ણ અપીલ સમિતિનો કાર્યભાર જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીતે પોતાની પાસે જ રાખ્યો છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત, ઉપપ્રમુખ ઉષાબેન પટેલ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવીત, સંગઠન મહામંત્રી બુધુભાઈ કામડી સહિત જિલ્લાના આગેવાનો, જિલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત મહાનુભાવોએ નવ નિયુક્ત ચેરમેનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી તથા મોઢું મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. ડાંગ જિલ્લા પંચાયતમાં પદભાર સંભાળ્યા બાદ તમામ ચેરમેનોએ ગામડાઓના સર્વાંગી વિકાસને ગતિ આપવા, વિકાસના કાર્યોમાં સતત પ્રગતિ જળવાઈ રહે અને સામાન્ય નાગરિકોના કામોમાં કોઈ વિલંબ ન થાય તે માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## કલવાડા પીઠા- ખેરગામ માર્ગ પર વૃક્ષની ડાળી તૂટી



**ખેરગામ, તા. ૦૩ :** કલવાડા પીઠા ખેરગામ વચ્ચે રાજ્ય ધોરી માર્ગ ૭૦૧ની ઉપર ધોબીકુવાની આજુબાજુ ખેરગામ તરફ ખૂબ જ સુંદર ઘટાદાર વૃક્ષો ઉનાળામાં તો ભારે ઠંડક અને નયનરમ્ય દ્રશ્ય આપે છે. પરંતુ તેમાં મોટે ભાગે સરૂ જેવા ઊંચા અને જમીન પોચી થતા તૂટી પડે તેવા સૂકાઈ વૃક્ષો ભયજનક છે. પ્રથમ વરસાદમાં ધોબી કુવા બસ સ્ટોપ પાસે આ ઝાડની ડાળી ફસડી પડી ચિરાઈ ગઈ હતી સદભાગ્યે કોઈ અડફટે ના આવતા દુર્ઘટના ન બની. આજુબાજુના લોકોએ થોડું કાપી લાકડા લઈ ગયા પણ રસ્તાની બાજુમાં ખસેડેલ છે તે કોઈક વાર અકસ્માત સર્જે તેવું છે. જેથી તે ચિરાયેલી ડાળી દૂર કરવી જરૂરી છે.

## ગણદેવી સુગર ચૂંટણીમાં જયંતિભાઈ પટેલની પેનલનો ભવ્ય વિજય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૩ :** ગણદેવી સુગર ફેક્ટરી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું રવિવાર રાત્રે રસપ્રદ પરીણામ આવ્યું હતું. જેમાં ૧૬ બેઠકો પૈકી ૧૧ બેઠકોનાં પરિણામમાં સમન્વય પેનલ ૬ અને સહકાર પેનલ એ ૪ બેઠક કબ્જે કરી જ્યારે ૧ બેઠક ઉપર અપક્ષનો વિજય થયો હતો. હજુ ૫ બેઠકોનાં પરિણામ આવવાના બાકી છે. ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ વ્યવસ્થાપક મંડળ ચૂંટણી મતદાન બાદ મતગણતરી રવિવાર સાંજે ચારના ટકોરે શરૂ થઈ હતી. ખેડૂત સભાસદોની ભારે ભીડ અને ઉત્કંઠા વચ્ચે મતગણતરી બાદ પ્રથમ ગણદેવીની પ્રથમ બેઠકનું પરીણામ જાહેર થયું હતું. જેમાં સમન્વય પેનલના રાજાભાઈ ઉર્ફે રાજેશ પટેલને ૭૭ મત મળતા બે મતો સાથે વિજય થયો હતો. તે બાદ વિભાગ-૨માં સમન્વય પેનલના સમીરભાઈ પટેલને ૧૯૮ મતો મળતા ૩૨ મતે વિજય નોંધાવ્યો હતો. વિભાગ નં.૩માં સહકાર પેનલના રણજિત પટેલ બિન હરીફ હતાં. બિન ઉત્પાદક બ વર્ગ માં સમન્વય પેનલનાં ગોપાળ ગોહિલને ૧૭૫ મતો મળતા ૩૦ મતે વિજેતા થયા હતાં. વિભાગ-૪માં સહકાર પેનલનાં ચેતન જીવણ પટેલ ૨૮૨ મતો મેળવી ૧૫૫ મતે જ્વલંત વિજયી થયા હતાં.

વિભાગ - ૫માં સહકાર પેનલનાં અરુણ પટેલ ૨૩૮ મતો મેળવી ૯૪ મતે જ્વલંત વિજયી થયા હતાં. વિભાગ ૬માં સમન્વય પેનલનાં અમિત પટેલ ૩૭૮ મતો મેળવી ૨૧૬ મતે જ્વલંત વિજયી થયા હતા. વિભાગ- ૭માં સહકાર પેનલનાં કલ્પેશ પટેલને ૨૭૬ મળતા તેનો ૩૭ મતે વિજયી થયા હતાં. વિભાગ ૮માં અપક્ષ ઉમેદવાર હિતેશ કલ્યાણજી પટેલ એ ૧૮૯ મત મેળવી ૪૨ મતે વિજય નોંધાવી મોટો ઉલટફેર કર્યો હતો. અબીલ ગુલાલની છોડો અને ફટાકડાની આતશબાજી વચ્ચે સમર્થકોએ જીતને વધાવી હતી. વિભાગ ૯માં સમન્વય પેનલનાં નટુભાઈ ધીરુભાઈ પટેલને ૨૧૯ મત મળતા ૧૨૯ મતે વિજય થયા હતાં. વિભાગ ૧૦માં સમન્વય પેનલનાં કમલ શાંતિલાલ પટેલ વિજયી થયા હતાં. વિભાગ ૧૧માં સમન્વય પેનલનાં અલ્પેશ દેસાઈને ૩૧૮ મત મળતા ૨૫૯ની લીડ સાથે વિજય, વિભાગ ૧૨માં સમન્વય પેનલનાં રાજેન્દ્રસિંહ પરમારને ૧૬૮ મત મળતા ૬ મતે વિજય વિજય, જ્યારે અનુસૂચિત અનામત બેઠક ઉપર વિરેન્દ્રભાઈ પટેલ ૫૭૬ મતે વિજયી બન્યા હતાં અને સમન્વય પેનલની બંને મહિલાઓ દીપિકા પટેલ અને મનીષાબેન પટેલ પણ વિજેતા રહ્યાં હતાં. વિજેતાઓનું ફટાકડા ફોડી અભિવાદન કરાયું હતું. સુગર પરિસરમાં સેંકડો પ્રશંસકો ઉમટી પડ્યા હતાં.

### 'ઝીંગાનું પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન' અંગે

## નવસારી ફિશરીઝ કોલેજમાં તાલીમ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૩ :** કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, નવસારી ખાતે પ્લાન યોજના એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ડેમોનસ્ટ્રેશન કમ ટ્રેનીંગ સેન્ટર ઈન ઈનલેન્ડ ફિશરીઝ એટ નવસારી અંતર્ગત તા.૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઝીંગાનું પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન વિષય પર એક દિવસીય ઓન-કેમ્પસ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ડૉ. એચ. જી. સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં આશરે ૪૦ જેટલી મત્સ્ય ખેડૂત બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઝીંગાના ગુણવત્તાસભર પ્રોસેસિંગ, સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા, મૂલ્યવર્ધિત ઉત્પાદનો તૈયાર કરવાની આધુનિક પદ્ધતિઓ તેમજ બજારમાં વધુ સારો ભાવ મેળવી આવકમાં વધારો કરવાની તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડૉ. નિધિ પટેલ દ્વારા ઝીંગા ટિક્કી, ઝીંગા બટરફલાય અને ઝીંગા ટાકોઝ જેવા મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવાની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને કાચા માલની પસંદગી, પ્રોસેસિંગ, પેકેજિંગ અને બજારલક્ષી રજૂઆત અંગે પણ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થી બહેનોએ કાર્યક્રમને ખૂબ જ ઉપયોગી અને જ્ઞાનવર્ધક ગણાવી હકારાત્મક પ્રતિસાદ વ્યક્ત કર્યો હતો.

## ડાંગમાં કુદરતી હોનારતમાં મૃત્યુ પામરનાર પશુઓના પાલકોને ચેક અર્પણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૩ :** તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે ડાંગ જિલ્લામાં વ્યાપક સર્વે હાથ ધરીને અસરગ્રસ્તોને સહાય પહોંચાડવાની કામગીરીને ભારે વેગ આપવામાં આવ્યો છે. ગત દિવસોમાં ડાંગ જિલ્લાની નદીઓમાં ભારે પૂરની પરિસ્થિતિમાં કુદરતી આપત્તિના કારણે પશુહાનિ ભોગવનાર ત્રણ પશુપાલકોને રાજ્ય સરકાર તરફથી મંજૂર થયેલ કુલ રૂ. ૧૦૧૫૦૦ સહાયના ચેકનું, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. વિજયભાઈ પટેલે સૌ પશુપાલકોને રૂબરૂ મુલાકાત કરી સાંત્વના પાઠવી સહાયનો ચેક અર્પણ કર્યો હતો. આ પશુપાલકોમાં આહવા તાલુકાના મોગરા ગામના અનદભાઈ પવાર, ઘવલીદોડ ગામના ઉલસભાઈ જાદવ અને જામલાપાડા ગામના શંકરભાઈ મહાલાને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સુન્દા ગામના સુરેશભાઈ ધૂમને કેટલ શેડના રૂા. ત્રણ હજારની પણ ચુકવણું કરવામાં આવ્યું હતું. ગત દિવસોમાં ઘોઘલી ગામના ૧૨ પશુપાલકોને રાજ્ય સરકાર તરફથી મંજૂર થયેલી કુલ રૂા. ૭,૫૪,૫૦૦ની સહાયના ચેકનું પણ વિતરણ કરી દેવામાં આવ્યું છે.

## નવસારીના આશ્રયસ્થાનમાં સ્થળાંતરિતોની મંત્રી નરેશભાઈ પટેલે સુખાકારી જાણી



**નવસારી, તા. ૦૩ :** નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં થયેલા અતિભારે વરસાદને પગલે સુરક્ષાના ભાગરૂપે સ્થળાંતર કરાયેલા નાગરિકો માટે નવસારી શહેરના રામજી મંદિર અને ભક્તાશ્રમ ખાતે કાર્યરત આશ્રયસ્થાનની આજે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ તથા રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે મુલાકાત લીધી હતી.

મંત્રીઓએ આશ્રયસ્થાનમાં રહેતા સ્થળાંતરિત પરિવારો સાથે રૂબરૂ મુલાકાત કરી તેમની સુખાકારી અંગે પૂછપરછ કરી હતી તેમજ આશ્રયસ્થાનમાં ઉપલબ્ધ રહેઠાણ, ભોજન, પીવાના પાણી, આરોગ્ય અને અન્ય જરૂરી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. તેમણે અસરગ્રસ્ત નાગરિકોને જરૂરી તમામ સહાય સમયસર અને સુચારૂ રીતે ઉપલબ્ધ કરાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

મંત્રીઓએ આશ્રયસ્થાન ખાતે સ્થળાંતરિત નાગરિકોને ભોજન અને ફૂડ પેકેટનું વિતરણ કરી રહેલા સ્વયંસેવકો સાથે પણ મુલાકાત કરી તેમની સેવાભાવના અને માનવતાપૂર્ણ કામગીરીને બિરદાવી હતી. આપત્તિના સમયમાં નિઃસ્વાર્થ ભાવથી સેવા આપતા સ્વયંસેવકોના યોગદાનને તેમણે પ્રશંસનીય ગણાવી વધુ સેવાકાર્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. મુલાકાત દરમિયાન મહાનગરપાલિકા મેયર અશોકભાઈ ધોરાજીયા, મ્યુનિસપિલ કમિશ્નર જયેશ ઉપાધ્યાય, સ્થાનિક પદાધિકારીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૪-૦૮-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** અષાઢ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૧૫ **સૂર્યાસ્ત** ૦૭ :૧૫, **ચંદ્રોદય** - ૧૦:૪૮ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૬ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - રેંવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાભની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :** વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

102.3 FM

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | 6 | | | | 4 |
| 5 | | 7 | | | | 2 | | 1 |
| | | | 3 | | 2 | | | |
| 7 | | 4 | 8 | | 9 | 6 | | 3 |
| | | 1 | | | | 9 | | |
| 3 | | 5 | 1 | | 6 | 4 | | 7 |
| | | | 2 | | 5 | | | |
| 4 | | 9 | | | | 7 | | 8 |
| 8 | | | | 9 | | | | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 3 | 1 | 6 | 2 | 5 | 4 | 8 |
| 5 | 1 | 8 | 9 | 4 | 7 | 2 | 6 | 3 |
| 2 | 6 | 4 | 3 | 8 | 5 | 1 | 9 | 7 |
| 6 | 2 | 9 | 8 | 3 | 1 | 7 | 5 | 4 |
| 3 | 5 | 1 | 7 | 2 | 4 | 9 | 8 | 6 |
| 8 | 4 | 7 | 6 | 5 | 9 | 3 | 2 | 1 |
| 1 | 3 | 2 | 4 | 9 | 6 | 8 | 7 | 5 |
| 4 | 8 | 5 | 2 | 7 | 3 | 6 | 1 | 9 |
| 9 | 7 | 6 | 5 | 1 | 8 | 4 | 3 | 2 |

Tuesday 04, August 2026

# સ્થાનિક સમાચારો

• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## વાપી જનસેવા હોસ્પિટલમાં સર્વરોગ સાપ્તાહિક નિદાન શિબિરનો પ્રારંભ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** શ્રેયસ મેડિકેર સંચાલિત એમ.એન. મહેતા (વલવાડા) જનસેવા હોસ્પિટલ ખાતે સ્વર્ગસ્થ ઈન્દ્રવદનભાઈ શાહ (ઈન્દુકાકા) ની પાંચમી પુણ્યતિથિના પાવન સ્મરણાર્થે તેમના પરિવારના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ સાપ્તાહિક નિદાન શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શિબિર ૩ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી યોજાશે. શિબિરમાં જનરલ મેડિસિન, જનરલ સર્જરી, હાડકાં, બાળરોગ, સ્ત્રીરોગ, ફિઝિયોથેરાપી, દંતરોગ અને હૃદયરોગ વિભાગના નિષ્ણાત તબીબો દ્વારા નિઃશુલ્ક તપાસ અને પરામર્શ આપવામાં આવશે.આ ઉપરાંત લોહીની વિવિધ તપાસો, એક્સ-રે, સીટી સ્કેન, એન્જિયોગ્રાફી, ટી.એમ.ટી. અને ૨ઝ ઞ્રૂ જેવી મહત્વપૂર્ણ તપાસો પર ૩૦ ટકા સુધીનું વિશેષ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. શિબિરનો પ્રારંભ શ્રેયસ મેડિકેરના પ્રમુખ નિમિષભાઈ વશી, ટ્રસ્ટી વિનયભાઈ દેસાઈ, મુકેશભાઈ ભટેલા, ગૌતમભાઈ દેસાઈ, અજયભાઈ શાહ, હોસ્પિટલના તબીબો તેમજ સ્વ. ઈન્દ્રવદનભાઈ શાહના પરિવારજનો હરિનભાઈ શાહ અને યતિનભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નિમિષભાઈ વશીએ વાપી અને આસપાસના વિસ્તારના નાગરિકોને આ નિઃશુલ્ક આરોગ્ય શિબિરનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી. હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. હિમાંશુ પટેલે પણ દર્દીઓને આરોગ્ય સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. શિબિરનો સમય દરરોજ સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી અને સાંજે ૫ થી રાત્રે ૭:૩૦ વાગ્યા સુધી રહેશે.

## કાંગવીમાં રક્તદાન કેમ્પ યોજાયો

### ફ્રેન્ડશીપ ડે નિમિત્તે રક્તદાન કેમ્પમા ૨૬ બોટલ રક્ત એકત્રિત કરી સ્વર્ગસ્થ મિત્રોને શ્રદ્ધાંજલિ અર્પી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૩ :** ફ્રેન્ડશીપ ડે નિમિત્તે D-SELF (Save Emergency Life Foundation), કાંગવી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ ૨૬ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય ડી-સેલ્ફ ગ્રુપના સ્વર્ગસ્થ સભ્યો સ્વ. દિવ્યેશભાઈ સી. માહલા અને સ્વ. વિરેન્દ્રભાઈ આઈ. ગાયકવાડની પવિત્ર સ્મૃતિને સમર્પિત કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદ્ઘાટન કાંગવી ગામના સરપંચ, આમંત્રિત મહેમાનો, ગામના આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓને પ્રોત્સાહનરૂપે કાજુનો છોડ તથા પાણીની બોટલ ભેટ આપવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપી વધુમાં વધુ યુવાનોને માનવસેવાના આ કાર્યમાં જોડાવા અપીલ કરી હતી. કેમ્પના સફળ આયોજનમાં મોહનભાઈ કાનજીભાઈ પટેલ, માજી સરપંચ ગણપતભાઈ ચૌધરી અને ભેરૂનાથ કરિયાણા સ્ટોર, કાંગવીનો આર્થિક સહયોગ નોંધપાત્ર રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે D-SELF ગ્રુપના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી સ્વર્ગસ્થ મિત્રોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## દમણમાં અમિતાભ બચ્ચનનો ૪૪મો ‘રીબર્થ ડે’ અનોખી રીતે ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૩ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયાદર્શન ખાતે હિન્દી ફિલ્મોના મહાનાયક અમિતાભ બચ્ચનના ૪૪મા રીબર્થ ડેની અનોખી અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા અમિતાભ બચ્ચનના ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ૨ ઓગસ્ટ, ૧૯૮૨ના રોજ ફિલ્મ કૂલીના શૂટિંગ દરમિયાન અમિતાભ બચ્ચન ગંભીર રીતે ઘાયલ થયા હતા. અનેક દિવસો સુધી જીવન-મરણ વચ્ચે ઝઝૂમ્યા બાદ તેઓ સ્વસ્થ થઈ પરત ફર્યા હતા. આ ઘટનાને તેમના ચાહકો તેમના પુનર્જન્મ તરીકે માની દર વર્ષે ૨ ઓગસ્ટના રોજ રીબર્થ ડે તરીકે ઉજવે છે. દમણમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન અમિતાભ બચ્ચનની લોકપ્રિય ફિલ્મોના ગીતો, તેમના યાદગાર સંવાદો, નૃત્ય પ્રસ્તુતિઓ તેમજ તેમની દાયકાઓ લાંબી ફિલ્મી સફરની ઝલક રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ચાહકોએ કેક કાપીને ઉજવણી કરી અને સદીના મહાનાયકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર કાર્યક્રમ અમિતાભ બચ્ચન પ્રત્યેના તેમના અતૂટ પ્રેમ અને સન્માનની લાગણીથી છલકાયો હતો.

## વલસાડ જિલ્લામાં અસરગ્રસ્તોને રૂ. ૧૬.૬૬ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** તાજેતરમાં સર્જાયેલી આપત્તિ બાદ વલસાડ જિલ્લામાં પ્રભાવિત લોકોને મદદરૂપ થવા માટે વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી.સમગ્ર જિલ્લામાં વ્યાપક સર્વે હાથ ધરીને અસરગ્રસ્તોને સહાય પહોંચાડવાની કામગીરીને ભારે વેગ આપવામાં આવ્યો છે.

વલસાડ પુર નિયત્રાણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર તા.૩૦/૦૭/૨૦૨૬ સુધી જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો મળીને કુલ ૪૬૯૨૭ જેટલા સર્વે કરવામાં આવ્યા છે. જેમાંથી ૪૦૦૬૦ જેટલા લાભાર્થીઓને કુલ રૂ. ૧૬.૬૬ કરોડની સહાય ડીબીટી ધોરણે ચૂકવી દેવામાં આવી છે. અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલ્સ અને ઘરવખરીની સહાય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કેશ ડોલ્સ સહાય અંતર્ગત ૧૯૧૬૬ પરિવારોને રૂ. ૩.૩૭ કરોડની સહાય તેમના બેંક ખાતા અથવા ચેક મારફતે પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત ઘરવખરી સહાય અર્થે ૧૯૯૮૮ જરૂરિયાતમંદ પરિવારોને રૂ.૯.૯૭ કરોડની સહાય તંત્ર દ્વારા ચૂકવી દેવામાં આવી છે.

માનવ મૃત્યુના ૧૬ કિસ્સાઓ પૈકી ૧૩ કિસ્સાઓમાં મૃતકોના પરિજનોને રૂ.૫૨ લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે. અબોલ પશુઓના જીવ ગુમાવવાના કિસ્સામાં પણ ૩૮૯ પશુઓ માટે રૂ.૩૭.૨૧ લાખની સહાય પશુપાલકોને આપવામાં આવી છે. રહેણાંક મકાનોના નુકસાન અંગે ઝૂંપડાં અને કાચા-પાકા મળીને ૫૦૪ મકાન માલિકોને રૂ.૨.૪૨ કરોડની ચૂકવણી થઈ ચૂકી છે.

## પારડી એન. કે. દેસાઈ કોલેજમાં મોન્સુન બોક્સ ક્રિકેટ રમાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ કે જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરે છે વિદ્યાર્થીઓની ઈચ્છાને માન આપીને મોન્સૂન બોક્સ ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાર ટીમો વચ્ચે ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સમગ્ર ટુર્નામેન્ટ નું આયોજન કંકુબા બોક્સ ક્રિકેટ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં હાર્દિકભાઈ પટેલ તરફથી ખૂબ જ સહકાર મળ્યો હતો. આ ટુર્નામેન્ટ વિજેતા અને રનર અપ ને ટ્રોફી આપવામાં આવી હતી.

મેન ઓફ ધ સિરીઝ વિજેતા ને બેટ આપવામાં આવશે કોલેજના વિદ્યાર્થીઓમાં પરિવાર ભાવના નિર્માણ કરવાના હેતુથી આ ટુર્નામેન્ટ બધા વિદ્યાર્થીઓ વચ્ચે અને શિક્ષકોના સહકારથી યોજવામાં આવી હતી જેમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો અને એકબીજાને પ્રોત્સાહિત કરતા તાળીઓ વગાડી અને બીજા વિજેતાઓને સન્માન્ય હતા.

આયોજન કોલેજના ભાર્ગવ પટેલ અને વિનય ઠાકોર ની કરવામાં આવ્યું હતું.

## દાનહના મુક્તિ દિવસ નિમિત્તે સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા દૂધની પંથકમાં વિવિધ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૩ :** દાદરા અને નગર હવેલી મુક્તિ દિવસ નિમિત્તે સંકલ્પ ફાઉન્ડેશન અને ટ્રિબ્યુટ ટ્રાઈબલ ગ્રુપ દ્વારા દૂધની ગામના સરહદી વિસ્તારમાં આવેલી ગુંસા પટેલ પાડા પ્રાથમિક શાળા ખાતે સેવા અને પ્રેરણાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતી સૌંદર્યથી ઘેરાયેલા આ અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પહોંચેલા સ્વયંસેવકોનું શાળા સંચાલન દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, સાંસ્કૃતિક નૃત્યો અને વિવિધ કૃતિઓ રજૂ કરી હતી, જેને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવી હતી.



સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા શાળાના અંદાજે ૭૦ વિદ્યાર્થીઓને નોટબુક, પેન, રબર, સ્કેચ પેન સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે દૂધની ગામના સરપંચ સુનીલભાઈ ખાનજોડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને સામાજિક જાગૃતિ માટે કરવામાં આવતા આવા સેવાકીય પ્રયાસોને આવકાર્યા હતા.

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

The Department of Agriculture, Silvassa, Dadra and Nagar Haveli on behalf of the President of India invites Tender Notice from the agency/nurseries /supplier for supply of vegetable seed minikits through On-line on https://dnhtenders.gov.in

AGRICULTURE DEPARTMENT, DNH 396230

E-TENDER Notice:2026_UTDNH_8198_1

Notice No. AGRI/Vege. Seeds & Horti. Plants/ 2023-24/214 DATED: 01/ 08/2026

Supply of Vegetable Seed Minikits

| | | |
|---|---|---|
| For details please scans | On-line downloading of Tender documents | 01-08-2026 |
| https://dnhtenders.gov.in/nicgep/app | On-line submission of Tenders | Up to 10.08.2026 |
| Contact no.: +91 7698545409 | On-line Opening of Price Bids (if possible) | 10.08.2026 |

NO.: IP/DMN/2/5/2026-27/387 DATED : 03/08/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Proposal for Pit Extension of Lift in Basement of Academic Block at Namo Medical Education & Resaerch Institute, Silvassa (9th Call)

| | |
|---|---|
| On line downloading start of tender documents | 30.07.2026 @ 13.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 07.08.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 07.08.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 07.08.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in
e e - b l d g - dnh@ddd.gov.in
0260 2642350

ID.No. 2026_UTDNH_8190_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/486 Dtd.30/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/386 DATED :03/08/2026

## ચણોદની કેબીએસ કોલેજના વિદ્યાર્થીઓ નેશનલ ચેસ ટુર્ના.માં વિજેતા બન્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** અત્રેચણોદ કોલોની સ્થિત વાપીનીKBS અને નટરાજ કોલેજ ગર્વથી જાહેરાત કરે છે કે ક્રિશઠાકુર, જ.ળ.ગ.ૃં. ના વિદ્યાર્થી, ગુજરાતના વડોદરા ખાતે આયોજિત પહેલી જ્યોતિ CNC ઈન્ટરનેશનલક્લાસિકલ ચેસ ટુર્નામેન્ટમાં બેસ્ટઅનરેટેડકેટેગરીમાં ત્રીજો પુરસ્કાર મેળવ્યો. આ ટુર્નામેન્ટે ભારત અને વિદેશના ૫૦૦ થી વધુ પ્રતિભાશાળી ચેસ ખેલાડીઓનેઆકર્ષ્યા, જેનાથી ઉભરતા અને અનુભવી ખેલાડીઓ



માટે ખૂબ જ સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પૂરું પડ્યું. ક્રિશઠાકુરના નોંધપાત્ર પ્રદર્શન અને વ્યૂહાત્મક ગેમપ્લેને કારણે તેમને બેસ્ટઅનરેટેડકેટેગરીમાં ઓળખ મળી, જેનાથી કોલેજ માટે ગૌરવ વધ્યું. રમત અને ટુર્નામેન્ટ માટેનું સમગ્ર માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન કોલેજના શારીરિક શિક્ષણના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.મયુર પટેલ તેમજ રમતગમત વિભાગના મદદનીશ રોહિતસિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. આમ રાષ્ટ્રીય કક્ષાએ કોલેજનું નામ રોશન કરવા બદલ મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ ડૉ. પૂનમ બી. ચૌહાણ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ ક્રિશઠાકુરને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. તેઓએ તેમના સમર્પણ, શિસ્ત અને રમતગમતની -શંસા કરી અને ભવિષ્યની રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓમાં તેમને સતત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી.

## ઉમરગામમાં બિલેટ્સ ઇલેક્ટ્રો વર્ક પ્રા. લિ. કંપની પૂરગ્રસ્તોની સહાયે આવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૩ :** ઉમરગામ તાલુકામાં કુદરતી આપદા બાદ અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવા અનેક ઉદ્યોગકારો અને સેવાકીય સંસ્થાઓ આગળ આવી રહી છે. ધારાસભ્ય રમણભાઈ પાટકરના નેતૃત્વમાં તાલુકાભરમાં યુદ્ધના ધોરણે રાહત સામગ્રી પહોંચાડવાની કામગીરી ચાલી રહી છે.આ જ અનુસંધાને ઉમરગામ જીઆઈડીસી સ્થિત બિલેટ્સ ઈલેક્ટ્રો વર્ક પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા જરૂરિયાતમંદ પરિવારો માટે ચટાઈ અને ધાબળાની સહાય આપવામાં આવી હતી. કંપનીના ડિરેક્ટર ચિરાગભાઈ પટેલે ધારાસભ્ય રમણભાઈ પાટકરને રાહત સામગ્રી માટે સહાયનો ચેક અર્પણ કર્યો હતો. ઉદ્યોગકાર તરીકે પોતાની સામાજિક જવાબદારી નિભાવી બિલેટ્સ ઈલેક્ટ્રો વર્ક પ્રા. લિ. દ્વારા કરવામાં આવેલી આ સેવાભાવી પહેલ અન્ય ઉદ્યોગકારો માટે પણ પ્રેરણારૂપ બની છે.

## વાપી આર.કે. દેસાઈ કોલેજમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપીની આર. કે. દેસાઈ ગ્રુપ ઑફ કૉલેજીસ એન્ડ આર.કે દેસાઈ સ્કૂલ દ્વારા ગુરૂ પૂર્ણિમા દિવસની ભવ્ય ઉજવણી કરાઈ.

આજે સંસ્થામાં ગુરુ પૂર્ણિમા પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા ગુરુવંદના સાથે કરવામાં આવી. વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર આધારિત પ્રાર્થના, ગીત, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી. કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ગુરુનું જીવનમાં રહેલું મહત્વ સમજાવતાં જણાવ્યું કે ગુરુ માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ જીવનમાં સારા સંસ્કારો, મૂલ્યો અને સાચા માર્ગદર્શનનું પણ પ્રેરણાસ્ત્રોત છે. ગુરુના માર્ગદર્શનથી જ વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કલ્ચરલ કમિટી દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અંતે સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહ તેમજ વિવિધ વિભાગના પ્રિન્સિપલો, હેડ અને અધ્યાપકો દ્વારા આશીર્વાદ આપી અભિનંદન પાઠવ્યા હતાં.

## ઉમરગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રાહત સામગ્રીનું વિતરણ





**ઉમરગામ, તા. ૦૩ :** વિશ્વ હિંદુ પરિષદ વલસાડ જિલ્લા અને ઉમરગામ -ખંડની ટીમ દ્વારા ઉમરગામ તાલુકાના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખતલવાડ ઢેકુ ખાડી વિસ્તાર, સંજાણ બંદર નજીકનો નદી કાંઠો, અણગામ તરાઈ ફળિયા તેમજ પુનાટ નાહુલીના માહ્યાવંશી ફળિયા અને રોહિતવાસમાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટ, તાડપત્રી, ધાબળા, નોટબુક અને પેન્સિલ સેટનું વિતરણ કરવામાં આવ્યું.આ સેવા કાર્ય દરમિયાન વિશ્વ હિંદુ પરિષદના વિભાગના પિયુષભાઈ શાહ, જિલ્લા અંકિતભાઈ શાહ, તાલુકા પ્રમુખ હિતેષભાઈ પૂનમીયા, રામભુવન વિશ્વકર્મા, વિમલભાઈ કામળી, વિશાલભાઈ, ગ્રીજેશભાઈ યાદવ, તાલુકા પંચાયત સભ્ય જીગ્નેશભાઈ માછી, ગૌતમભાઈ કિતાવત, રાજેશભાઈ નાવી, રૂપેશભાઈ માહ્યાવંશી સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જય શ્રીરામ અને વંદે માતરમ્‌ના જયઘોષ વચ્ચે થયેલા આ સેવા કાર્યને સ્થાનિક લોકોએ આવકાર્યો હતો. રાહત સામગ્રી -ાપ્ત કરનાર ગરીબ અને પૂરગ્રસ્ત પરિવારોએ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરી તેમના સેવા કાર્યો સતત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## બરુમાળ સદ્‌ગુરુ ધામમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૩ :** ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ધરમપુર તાલુકાના બરુમાળ સ્થિત શ્રી સદગુરુ ધામમાં બુધવારે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. વલસાડ સહિત દક્ષિણ ગુજરાત અને રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી હજારો ભાવિકો પરમ પૂજ્ય વિદ્યાનંદજી મહારાજના દર્શન અને આશીર્વાદ માટે પહોંચ્યા હતા.સદગુરુ ધામમાં વિશેષ પૂજન, ગુરુવંદના, ભજન તથા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન, પ્રસાદ, પીવાનું પાણી,

પાર્કિંગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જ્યારે સ્વયંસેવકોએ જરૂરી સહયોગ કર્યો હતો. ગુરુપૂર્ણિમાના આ પવિત્ર અવસરે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી સહિત ધરમપુર અને કપરાડા વિસ્તારના અનેક હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ શ્રી વિદ્યાનંદ મહારાજના આશીર્વાદ મેળવી ગુરુપૂર્ણિમાની ઉજવણીમાં ભાગ લીધો હતો.

DOMS Industries Limited

EVERY AMBITION NEEDS PREPARATION

CIN: L36991GJ2006PLC049275
Regd. Office: J-19, G.I.D.C, Opp. Telephone Exchange, Umbergaon, Gujarat, India, 396171
Website: www.domsindia.com; Email: ir@domsindia.com; Telephone: +91 7434888445

Extract of the Consolidated Financial Results for the quarter ended June 30, 2026

(in ₹ lakhs, except per equity share data)

| Sr. No. | Particulars | Quarter ended June 30, 2026 Unaudited | Quarter ended June 30, 2025 Unaudited | Year ended March 31, 2026 Audited |
|---|---|---|---|---|
| 1 | Total Income from operations | 67,050.82 | 56,227.72 | 232,636.52 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | 6,113.92 | 7,934.01 | 32,226.16 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 6,113.92 | 7,934.01 | 32,226.16 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 4,527.51 | 5,910.20 | 23,956.25 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)) | 4,398.58 | 5,810.17 | 23,813.85 |
| 6 | Paid-up Equity Share Capital (Face value of ₹ 10 per share) | 6,068.83 | 6,068.76 | 6,068.83 |
| 7 | Other Equity | - | - | 115,904.48 |
| 8 | Earnings per equity share (not annualised*) (Face value ₹10/- each) | | | |
| | - Basic (in ₹) | 7.33* | 9.44* | 37.93 |
| | - Diluted (in ₹) | 7.30* | 9.42* | 37.79 |

In terms of Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the key items of Standalone Financials Results are given below:

Extract of the Standalone Financial Results for the quarter ended June 30, 2026

(in ₹ lakhs, except per equity share data)

| Sr. No. | Particulars | Quarter ended June 30, 2026 Unaudited | Quarter ended June 30, 2025 Unaudited | Year ended March 31, 2026 Audited |
|---|---|---|---|---|
| 1 | Income from operations (Turnover) | 60,326.96 | 50,769.78 | 204,964.07 |
| 2 | Profit before tax | 5,740.77 | 7,448.09 | 29,484.92 |
| 3 | Profit after tax | 4,287.03 | 5,546.12 | 21,950.71 |
| 4 | Total Comprehensive Income for the period after tax | 4,157.54 | 5,446.75 | 21,808.67 |

Notes:

1 The above is an extract of the detailed format of unaudited consolidated and standalone financial results for the quarter ended June 30, 2026 filed with the stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited consolidated and standalone financial results for the quarter ended June 30, 2026 are available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website www.domsindia.com.

2 The above unaudited financial results have been reviewed and recommended by the Audit Committee at its meeting held on August 03, 2026. The Board of Directors at its meeting held on August 03, 2026 have approved the above results and taken them on record. The same can be accessed by scanning the QR code provided below:

For and on behalf of the Board of Directors of
DOMS Industries Limited
Sd/-
Santosh Raveshia
*Managing Director*
DIN: 00147624

Date: August 03, 2026
Place: Umbergaon

## 'રામાયણ' ફિલ્મ રિલીઝ પહેલા વિવાદમાં




### રણબીર કપૂરવાળી રામાયણ ફિલ્મમાં એવા ઘણા સીન છે જે દેશ-વિદેશમાં વસતા હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૩

રણબીર કપૂરના અભિનયવાળી રામાયણ હવે સોશિયલ મીડિયાની સાથે-સાથે દેશભરમાં ચર્ચાનો એક મોટો વિષય બની ચૂકી છે. નવી દિલ્હીની શ્રી રામલીલા મહાસંઘે તેના રિલીઝ થતા પહેલા જ સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. મહાસંઘે દિલ્હીમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં ફિલ્મને લઈને કેટલીક માંગણીઓ મૂકી છે, જેની સાથે-સાથે તેમણે મેકર્સને ચેતવણી પણ આપી છે.રામાયણ ફિલ્મને લઈને શ્રી રામલીલા મહાસંઘના પ્રમુખની માંગ છે કે ફિલ્મને થિયેટરોમાં રિલીઝ કરતા પહેલા તેને તેમના પ્રતિનિધિ મંડળને બતાવવામાં આવે. તેમણે આ માટે ફિલ્મના મેકર્સ નિતેશ તિવારી અને નમિત મલ્હોત્રાને એક લેટર પણ લખ્યો છે, જેમાં તેમની માંગનો ઉલ્લેખ કર્યો છે. તેઓ આવું એટલા માટે કરવા માંગે છે જેથી ફિલ્મની રિલીઝ પછી કોઈપણ હિન્દુઓની ભાવનાઓને ઠેસ ન પહોંચે.મહાસંઘના પ્રમુખ નિતેશ તિવારી અને નમિત મલ્હોત્રાને લખેલા લેટરમાં તેમને યાદ અપાવ્યું છે કે આ પહેલા ટી-સિરીઝના માલિક ભૂષણ કુમારની મેગા બજેટ ફિલ્મ 'આદિપુરુષ' આવી હતી, જેમાં પ્રભાસ, સૈફ અલી ખાન જેવા સ્ટાર્સ હતા. તેના પણ ઘણા સિન્સ પર સનાતની અને રામાલીલા મંચન સાથે જોડાયેલા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ સિન્સમાં સોનાની લંકાને કાળી બતાવવી, મહાજ્ઞાની રાવણને મંગોલ લૂંટારાઓ અને તેમની સેનાને રાક્ષસોની સેના જેવા ઘણા સિન્સ હતા. તે ફિલ્મનું પરિણામ એ રહ્યું કે તે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી.પત્રમાં આગળ જણાવ્યું કે તેમને મળેલી અધિકૃત માહિતી મુજબ રણબીર કપૂરવાળી રામાયણ ફિલ્મમાં એવા ઘણા સીન છે જે દેશ-વિદેશમાં વસતા હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે. એવામાં શ્રી રામાલીલા મહાસંઘ આ ફિલ્મને રિલીઝ પહેલા એક સ્પેશિયલ શોમાં જોઈને નિશ્ચિત કરવા માંગે છે કે જો ફિલ્મમાં એવો કોઈ વિવાદાસ્પદ સીન અથવા સંવાદ છે તો તેને રિલીઝ કરતા પહેલા હટાવી દેવામાં આવે. તેમણે ફિલ્મના મેકર્સને ચેતવણી આપી છે કે જો આવું નહીં કરવામાં આવે તો દિલ્હી સહિત અન્ય રાજ્યોના થિયેટરોની બહાર હિન્દુ સંગઠનો સાથે શ્રી રામાલીલા મહાસંઘના હજારોની સંખ્યામાં વિરોધ અને ધરણા પ્રદર્શન કરશે.

## 'રામાયણ'માં સીતાની બહેનના પાત્ર એ બધાનું ધ્યાન ખેંચ્યું!



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૩

મુંબઈ: ફિલ્મનિર્માતા નિતેશ તિવારીની આવનારી ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થતાની સાથે જ ચર્ચામાં છે. કોઈ એના પાત્ર રાવણની વાત કરે છે તો કોઈ ફ્લ્ઠની. પણ આ ફિલ્મમાં એક એવી પણ એક્ટ્રેસ છે જે પહેલીવાર ફિલ્મલાઈનમાં એન્ટ્રી કરી રહી છે. જે સ્ટોરીનો મહત્ત્વનો ભાગ બની રહેશે. ટેલિવિઝન ક્ષેત્રે કરિયર બનાવવા માટે નોર્થ ઈસ્ટથી ડાયરેક્ટ મુંબઈ આવેલી સુરભી દાસ નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે સીતાની બહેનના રોલમાં જોવા મળશે. એક ખાસ મુલાકાતમાં તેણે પોતાના કેરિયર અંગેના કેટલાક પાસા પર દિલ ખોલીને વાત કરી છે. સુરભીએ જણાવ્યું હતું કે, ફિલ્મ સુધી પહોંચવા માટે કાસ્ટિંગ ડાયરેક્ટર મુકશે છાબડા પાસે ઓડિશન આપ્યું. પણ વાત નક્કી થતા બે મહિનાનો સમય પસાર થઈ ગયો હતો.એ સમયે હું પાંડ્યા બ્રર્ધસનું શુટિંગ કરી ચૂકી હતી.હું મુકેશ છાબડા પાસે ગઈ અને ઓડિશન આપ્યું. બે મહિના પછી મને કોલ આવ્યો અને સિલેક્શન થયું. એ પછી લૂક ટેસ્ટ અને કોસ્ચ્યુમ પર ટ્રાયલ થયો. પણ મને તો વિશ્વાસ થતો ન હતો કે, ખરેખર મારે આ દિગ્ગજ કલાકારો સાથે કામ કરવાનું છે.સ્ક્રિન શૅર કરવાની છે. આ એક અદભૂત અહેસાસ છે અને હું પ્રભુનો આભાર વ્યક્ત કરૂ છું. ટેલિવિઝન ક્ષેત્રે કામ કર્યા બાદ એક્ટ્રેસે સ્પષ્ટ કર્યુ કે, કોઈ નિરાશાને કારણે આવી નથી પણ એક્ટ્રેસ તરીકે આગળ વધવાની ઈચ્છા સાથે તે કામ કરી રહી હતી. એક્ટ્રેસે ઉમેર્યુ કે, હું આને કોઈ રીતે સંઘર્ષ નહીં કહુ આ તો બસ એક પ્રક્રિયા છે. હું કોઈ ફિલ્મ પરિવારમાંથી આવી નથી કે કોઈ એક ફોન કોલ કરીને કામ અપાવી શકે.





## રશ્મિકાના હિપમાં ગંભીર ઈજા થતા ફેન્સ ચિંતામાં



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧

સાઉથ અને બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક આગવું સ્થાન કાયમ કરનાર એક્ટ્રેસ રશ્મિકા મંદાના ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગઈ છે. એક બિગ બજેટની ફિલ્મ દરમિયાન એક ખતરનાક અકસ્માતમાં તેને ઈજા પહોંચી છે. રિપોર્ટમાંથી એવું જાણવા મળ્યું છે કે, એક હેવી ડાંસ સિક્વન્સ અને હાઈ ઑક્ટેન પર એક્શન સિનના શુટિંગ દરમિયાન રશ્મિકાને ઈજા થઈ છે. આ અકસ્માત થતા સેટ પર દોડધામ મચી ગઈ હતી. આ પછી ડૉક્ટરની ટીમને યુદ્ધના ધોરણે બોલવવામાં આવી હતી. તબીબોની ટીમે તપાસ કર્યા બાદ ડૉક્ટરે ખુલાસો કર્યો હતો કે, રશ્મિકા મંદાનાના ફેન્સના ધબકારા વધી ગયા છે. આ અકસ્માત થયા બાદ ચિંતાનો માહોલ છે. રશ્મિકાના હિપ એરિયામાં ઈજા પહોંચી છે. કમરથી નીચેના ભાગમાં સંપૂર્ણ રીતે ટેનડોન ડેટેચમેન્ટ થયું છે. આ પ્રકારના ભયંકર અને દર્દથી ભરેલી ઈજા સામાન્ય રીતે પ્રોફેશનલ એથલિટને થતી હોય છે. જે વધારે પડતું શારીરિક કામ કરે છે. સતત બ્રેક વગર ડાન્સ અને કઠિન એક્શન સીનના કારણે એમની માંસપેશીઓ પર પ્રેશર આવ્યું છે. આ કારણ માસ પેઈન શરૂ થયું છે.

## નીટની પરીક્ષા ફરી આપવા મેં ગમતી બધી ચીજોનું બલિદાન આપેલું : માનુષી



### વર્ષ ૨૦૧૫ની નીટ પરીક્ષાની તૈયારીઓ મારા જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો બની રહ્યો : માનુષી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૩

નીટ પરીક્ષાના પેપરલીકના મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધાં બાદ ૨૦૧૭ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે પોતાના નીટ પરીક્ષાના અનુભવો સોહા અલી ખાન સમક્ષ તેના પોડકાસ્ટ દરમ્યાન વ્યક્ત કર્યા હતા.માનુષીએ જણાવ્યું હતું કે સૌન્દર્ય સ્પર્ધામાં પ્રવેશી તે અગાઉ હું મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગતી હતી. મને જ્યારે આ પરીક્ષા ફરી આપવા જણાવવામાં આવ્યું ત્યારે તેના બે પાસાં હતા.

એક મારો અંગત અનુભવ અને બીજું પાસું એ સમજવું કે દેશમાં મોટાભાગના સ્ટુડન્ટ્સની વાસ્તવિકતા સમજવી. મારા માતાપિતા વર્ષો અગાઉ આ જ અવસ્થામાંથી પસાર થઇ ચૂક્યા હોઈ હું આ પ્રક્રિયા માટે માનસિક રીતે તૈયાર હતી. પણ તેને માટે મારે મને ગમતી તમામ ચીજોનું બલિદાન આપવું પડયુ હોઈ તે મારે માટે ખૂબ મુશ્કેલ બની રહી હતી.

મારે આ પરીક્ષા ખાતર મારા કુચીપુડી ડાન્સ અને પેઈન્ટિંગના શોખને એક વર્ષ માટે બાજુ પર મુકી દેવા પડયા હતા.માનુષીએ જણાવ્યું હતું કે જયારે તમે મહિનાઓ સુધી તૈયારીઓ કર્યા બાદ પરીક્ષા આપો અને એ પછી તમને કહેવામાં આવે કે બીજા ૪૫ દિવસ તમારે હજી તૈયારી કરવાની છે ત્યારે તમને નવાઇ લાગે કે હજી મારે કેટલો ભોગ આપવાનો છે. પણ મારા પરિવારનો મને જબરજસ્ત ટેકો હતો અને મારા માતાપિતાએ એક કલાક કસરત કરવાની ટેવ પાડેલી હતી એટલે હું પરીક્ષાની બહાર પણ લોકો સાથે સંકળાયેલી રહી શકી હતી. મારા બીજા ઘણાં સાથીઓ પાસે આ લક્ઝરી નહોતી. હરિયાણામાં જન્મેલી માનુષીએ ૨૦૨૨મા સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મમાં સંયોગિતાની ભૂમિકા ભજવી હિન્દી ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો.

તાજેતરમાં તે તહેરાન નામની એક્શન થ્રીલર ફિલ્મમાં દેખાઇ હતી.

## ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સાથે ભેદભાવ અંગે મુનમુન દત્તાએ દર્દ ઠાલવ્યું

### જે મહિલા ખરેખર ઈન્ડસ્ટ્રીમાં મહેનત કરે છે એમના યોગદાનની નોંધ યોગ્ય રીતે લેવાવી જ જોઈએ : મુનમુન



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧

'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા'ની ગ્લેમરસ એક્ટ્રેસ 'બબીતાજી'-મુનમુન દત્તાએ ઈન્ડસ્ટ્રીમાં કામ મળવું કેટલું મુશ્કેલ છે એના અંગે દિલ ખોલીને વાત કરી હતી. ખાસ કરીને ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓના સન્માન અને કામ મળવાની બાબતમાં કેટલીક તરફેણ અંગે તેમણે વિગતવાર વાત કહી છે. મુનમુન દત્તાનું કહેવું છે કે, આ કોઈ એક પ્રોડક્શન કે યુનિટની વાત નથી. ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને લઈને ઘણા ભેદભાવ કરવામાં આવી રહ્યા છે, જે યોગ્ય નથી. મહિલાઓને એટલી કોઈ ક્રેડિટ આપવામાં આવતી નથી જેટલી એ ખરેખર ઈચ્છતી હોય છે કે, ડીઝર્વ કરતી હોય છે. હકીકત એવી પણ છે કે, મુનમુનને 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા'થી આગવી ઓળખ પ્રાપ્ત થઈ છે. ઓફસ્ક્રિન પર તેઓ બબીતાજી નામથી જાણીતી છે. લાંબા સમય સુધી તે 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' શૉમાં ટકી રહી છે. પોતાના શૉ અને અસાઈમેન્ટમાં પૂરતું ધ્યાન આપતી મુનમુન દત્તાએ મહિલાઓને કામ મળવાને લઈને ઈન્ડસ્ટ્રીની કેટલીક વાત કહી છે.મુનમુનનું એવું કહેવું છે કે, જે મહિલા ખરેખર ઈન્ડસ્ટ્રીમાં મહેનત કરે છે એમના યોગદાનની નોંધ યોગ્ય રીતે લેવાવી જ જોઈએ. તાજેતરમાં જ શૉના ૧૮ વર્ષ પૂરા થતા મુનમુને પોતાની સાથે રહેલી કૉ-સ્ટાર અંગે વાત કરી હતી. પોતાની કૉ-સ્ટારના વખાણ પણ કર્યા હતા. એમની ટેલેન્ટ, કમિન્ટમેન્ટ અને પ્રોફેશનાલિઝમની એક અલગ જ વાત કરી હતી. મુનમુને કહ્યું કે, અન્ય મહિલાઓની તુલનામાં મેં ક્યારેક મારી જાતને એક કોમ્પિટીટર તરીકે જોઈ નથી.હું યુવતીઓને સાથ આપનારી એક એવી યુવતી છું જે જુના જમાનામાં પણ હતી. તમે મને મજબૂત ફેમિનિસ્ટ કહી શકો છો. હું એવું માનું છું કે, જો ખરેખર આગળ વધવું હોય તો સૌને સાથે લઈને આગળ વધવું જોઈએ. મને અહીંયા કોઈની પણ સાથે કોઈ દિવસ અસહજ મહેસૂસ થયું નથી અને કોઈ ઈનસિક્યોરિટી પણ ફીલ થઈ નથી. મુનમુને શૉના જૂના અને નવા બન્ને કલાકારોના દિલથી વખાણ કર્યા હતા. શૉની સફળતામાં એ તમામ કલાકારોનો પણ સાથ હતો અને મોટું યોગદાન હતું. અમારી ટીમમાં કેટલાક બેસ્ટ સભ્યો તાજેતરમાં આવ્યા છે. એમની પણ બેસ્ટ રીતે એન્ટ્રી થઈ છે. તેઓ ખૂબ જ સારૂ કામ કરી રહ્યા છે. દરેક પોતાની રીતે શાનદાર કામ કરે છે. શૉની સફળતાનો સંપૂર્ણ શ્રેય કોઈ એક વ્યક્તિને મળતો નથી. પણ ઘણી એવી વસ્તુઓ હોય છે તમને ખાસ બનાવી જાય છે. હું ઘણી શાનદાર ગણાતી મહિલાઓ સાથે કામ કરીને ખૂબ જ ખુશ છું.

## કંગના અને હૃતિક એક દાયકા બાદ ફરી ઓનલાઈન ઝઘડયાં



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૩

હૃતિક રોશન અને કંગના રણૌત ફરી એક દાયકા બાદ ઓનલાઈન ઝઘડી પડયાં છે. આ વખતે કંગનાએ હૃતિકની ગર્લફ્રેન્ડ સબા આઝાદનું નામ લઈને તેને બળતામાં ઘી ન હોમવા કહ્યું છે.વાસ્તવમાં તાજેતરમાં સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે એવી ટિપ્પણી કરી હતી કે કંગના મને એટલા માટે નિશાન બનાવે છે કે હું કદાચ થોડોઘણો હૃતિક રોશન જેવો દેખાઉં છું. આ ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર હૃતિકની માફી માગો..એવો ટ્રેન્ડ શરુ થયો હતો. આ ટ્રેન્ડ વિશે ઓથર ફ્રેડી બર્ડીની પોસ્ટ પર હૃતિકે એવી કોમેન્ટ કરીને જવાબ આપ્યો હતો કે તમને બી પસંદ ન હોય એટલે એનો સાથ આપવો એ આપણા સમાજને લાંબા સમયથી કનડી રહેલી ખામી ભરેલી સિસ્ટમની સમસ્યાનો એક નાનો હિસ્સો છે. હું વધુ કાંઈ કહેવા કરતાં યોગ્ય સંદર્ભની રાહ જોઈશ. બાકી તો આ બધાની કોને પરવા છે.હૃતિકે કંગનાનું નામ લીધું ન હતું પરંતુ કંગનાને લાગ્યું કે હૃતિકે તેને જ નિશાન બનાવી છે. આથી તેણે હૃતિકને સંબોધીને એક લાંબી પોસ્ટ લખતાં કહ્યું છે કે તું અત્યારે સબા આઝાદ સાથે કમિટેડ રિલેશનશિપમાં છો એ સારું જ છે. પણ તેટલા ખાતર તું કોઈ મહિલાને આ રીતે નિશાન બનાવે તે ખોટું છે. તેને બદલે તારે તો મને રંજાડી રહેલા તમામ લોકોનો વિરોધ કરવો જોઈએ. તેને બદલે તું બળતામાં ઘી હોમે છે એ ખોટું છે.આ નવા ઘટનાક્રમથી બંને કલાકારો વચ્ચે ૨૦૧૬ના કડવા વિવાદની યાદ ફરી તાજા થઈ છે. તે વખતે કંગનાએ હૃતિક તેની પાછળ પડયો હોવાના આરોપો કર્યા હતા.

બીજી તરફ હૃતિકે કંગનાએ તેને ૧૪૦૦થી વધારે ઈમેઈલ કર્યાના આક્ષેપો કર્યા હતા. આ મામલે પોલીસ કેસ તથા કોર્ટ કેસ પણ થયા હતા. જોકે, ૨૦૧૭માં મુંબઈ પોલીસે પુરાવાના અભાવે આ કેસ બંધ કરી દીધો હતો.

## જેક્લિનનાં જુગ્ની ગીતની એઆઈ જનરેટેડ ક્લિપ અંગે પોલીસ ફરિયાદ

### ૧૫ જુલાઈએ રજૂ થયેલું ગીત 'જુગ્ની' સોનુ ઠુકરાલ અને બી પ્રાક બંનેએ કોલબરેટ કરીને બનાવ્યું છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૩

જેક્લિન ફર્નાન્ડિઝનાં 'જુગ્ની' ગીતમાં તેનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં હોવાની ક્લિપ ફરતી થઈ છે. ગાયક સોનુ ઠુકરાલે આ ક્લિપ એઆઈ જનરેટેડ હોવાનો દાવો કરી આ મુદ્દે પોલીસને ફરિયાદ આપી છે.સોનુએ જણાવ્યું કે આ છેડછાડ કરાયેલા વીડિયોને ઓનલાઈન વાયરલ કરાયો છે.સોનુ ઠુકરાલે સોશિયલ મીડિયા પર પોલીસ સ્ટેશનથી એક તસવીર શેર કરી જેમાં તેઓ ફરિયાદની કોપી પકડી રહેલા દેખાય છે. તેમણે જણાવ્યું કે વાયરલ વીડિયોને એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ રીતે બદલવામાં આવ્યો હતો. ૧૫ જુલાઈએ રજૂ થયેલું ગીત 'જુગ્ની' સોનુ ઠુકરાલ અને બી પ્રાક બંનેએ કોલબરેટ કરીને બનાવ્યું છે. વ્યાવસાયિક મોરચે જેકલીન છેલ્લે અહમદ ખાનના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ 'વેલકમ ટૂ જંગલ'માં જેનીના રોલમાં દેખાઈ હતી. તાજેતરની ચર્ચા મુજબ તે ટૂંક સમયમાં એક હોરર ફિલ્મમાં દેખાશે. જો કે હજી સુધી તેની કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ.

## કિયારા અડવાણીએ 'Toxic'માં પોતાના પાત્ર અંગે ખોલ્યું રહસ્ય!



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧

સાઉથના સુપરસ્ટાર યશની મચ અવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક'ની ત્રણ-ત્રણ વાર રિલીઝ ડેટ બદલ્યા બાદ આખરે રિલીઝ થવા માટે તૈયાર છે. આ ફિલ્મનું એક ગીત પણ રિલીઝ કરી દેવામાં આવ્યું છે. જેમાં યશ અને કિયારા રોમાન્સ કરી રહ્યા છે. હોટ સીનને લઈને ગીતની ચર્ચા થઈ રહી છે ત્યારે કિયારાએ આ ફિલ્મમાં પોતાના રોલને લઈ એક મોટી અને મહત્ત્વની વાત કહી છે. પોતાના પાત્રને લઈને દિલ ખોલીને વાત કરતા એક્ટ્રેસે કહ્યું હતું કે, હું એવા રોલની શોધમાં હતી જેમાં કંઈક અલગ હોય. ખરેખર તો આ ફિલ્મને લઈને કિયારાએ જે મહેનત કરી છે એની પણ ફેન્સ પ્રશંસા કરી રહ્યા છે. કિયારા અડવાણી પોતાનો બર્થડે સેલિબ્રેટ કરી રહી છે. ટૂંક સમયમાં તે પોતાની નવી ફિલ્મ 'ટોક્સિક'માં જોવા મળશે. ફિલ્મમાં પોતાના પાત્રને અને પર્ફોમન્સને લઈને વાત કરી છે. ફેન્સ પણ તેના આ બે પાસાના ખૂબ વખાણ કરી રહ્યા છે. ફેન્સ એવું કહી રહ્યા છે કે, ફિલ્મમાં માત્ર યશને જ લીડ રોલ તરીકે જોવામાં આવી રહ્યો છે. એક્ટ્રેસ પર ખાસ કોઈ ફોક્સ નથી. પણ કિયારાએ જે પોસ્ટર શૅર કર્યુ છે એને લઈ ફરી ફેન્સ ચર્ચા કરી રહ્યા છે. આ સાથે કિયારાએ મહિલાને મળી રહેલા પાત્ર અંગે પણ દિલ ખોલીને વાત કરી છે. માત્ર મહિલાઓને લઈને જ નહીં પોતાના પાત્રને લઈને પણ પોતાની વાત કહી છે. આ ફિલ્મમાં કિયારા નાદીયાના પાત્રમાં દેખાશે. નવા પોસ્ટરે ફેન્સને ખૂબ જ ઈમ્પ્રેસ કર્યા છે. આ માહોલ વચ્ચે કિયારાએ મસ્ત રીતે પોતાનો બર્થ ડે મનાવ્યો હતો અને પ્રોડક્શન હાઉસે એક વિડિયો પણ શૅર કર્યો હતો. કેપ્શન લખ્યું હતું કે, હમારી નાદીયા કો બર્થ ડે કી શુભકામના. આ પોસ્ટરમાં કિયારા રેડ કલરના ડ્રેસમાં જોવા મળી રહી છે. વધુ એકવાર કિયારાનો એક ગ્લેમરસ લૂક સામે આવ્યો છે. એક ખાસ મુલાકાતમાં વાત કરતા કિયારાએ કહ્યું હતું કે, ગીતુ મોહનદાસે મને આ ફિલ્મની આખી સ્ટોરી કહી હતી. જ્યારે પહેલીવાર ફિલ્મની સ્ટોરી સામે આવી એ સમયે હું ખૂબ જ શોક થઈ ગઈ. એક વ્યક્તિ આવું પાત્ર કેવી રીતે લખી શકે? નાદીયાનો રોલ જુદા જુદા ઈમોશન્સ સાથે જોડાયેલો છે. મજબૂરી, તાકાત, નબળાઈ, અફેક્શન અને ઈમોશનલ એમા બધુય આવી જાય છે. મને આ પાત્રમાં બધુય મળ્યું છે. જે હું ઈચ્છતી હતી. લાંબા સમય સુધી હું આ પાત્રને પણ શોધી રહી હતી, જે મને આ ફિલ્મમાં મળ્યો. હવે હું એ લેવલ પર છું કે, આ પ્રકારના રોલ હું સરળતાથી પ્લે કરી શકું છું. જે ખરેખર મુશ્કેલ હોય છે. જ્યારે મને કોઈ પણ રોલ મળે છે તો સૌથી પહેલા હું એના વિચાર, સંબંધો અને જીવન કેવું રહેશે એ અંગે વિચાર કરૂ છું. પછી એ વાતને પ્રાયોરિટી આપું છું કે, આનો હેતું શું છે? એક કલાકાર માટે શુટિંગ પહેલા પણ એક મહેનત હોય છે.

આપનું અખબાર : આપનો અવાજ DGT

# વલસાડ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Tuesday 04, August 2026

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com



## ઔરંગા નદીના પુલ પર રસ્તાની સાઈડ ધોવાતાં માર્ગ જોખમી બન્યો

### સ્થાનિકો, રાહદારીઓ અને વિદ્યાર્થીઓ જીવના જોખમે અવરજવર કરવા મજબૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૩ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં પડેલા સાર્વત્રિક ભારે વરસાદને કારણે અનેક ગ્રામ્ય અને શહેરી માર્ગોને ભારે અસર પહોંચી છે. વલસાડથી લીલાપોર તરફ જતાં અને ઔરંગા નદી પર આવેલા પુલ નજીક ભારે ધોવાણ થતાં રસ્તો અત્યંત જોખમી બની ગયો છે. સુરક્ષાના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ માર્ગ પરનો વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે.

સતત વરસાદી પાણીના વહેણને કારણે ઔરંગા નદીના પુલના છેડે રસ્તાની સાઈડમાં એક મોટો અને ઊંડો ખાડો પડી ગયો છે. જેના કારણે પુલની સ્લેબ અને પહોંચ માર્ગને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. તંત્ર દ્વારા રસ્તો બંધ કરાયો હોવા છતાં, કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી અથવા લાંબો ફેરો બચાવવા માટે સ્થાનિક રહીશો, રાહદારીઓ અને રોજ શાળાએ જતાં નિર્દોષ વિદ્યાર્થીઓ જીવના જોખમે આ તૂટેલા રસ્તેથી જ પસાર થવા મજબૂર બન્યા છે. ચોમાસાની ઋતુમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય કે કોઈનો જીવ જાય તે પહેલાં માર્ગ અને મકાન વિભાગ તેમજ વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે આ પુલનું અને ધોવાણ થયેલા રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી આસપાસના ગ્રામજનો અને વાહનચાલકોમાં તીવ્ર માંગ ઊઠી છે.

## વલસાડ-ગુંદલાવ-ખેરગાર રોડ પર કોઝવેની મરામત કામગીરી શરુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૩ :** વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ પર કિલોમીટર ૨/૦થી ૧૬/૦ સુધીના માર્ગ પર ગત તા. ૨૩.૦૭.૨૦૨૬ ના રોજ થયેલા ભારે વરસાદને કારણે ઔરંગા નદી પર આવેલ ડૂબાઉ કોઝવેના એનેચ અને સરફેસનું ધોવાણ થતાં ભારે નુકસાન થયું હતું. આ નુકસાની બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરીને માર્ગને ટ્રાફિક માટે યોગ્ય બનાવી તા.૨૬.૦૭.૨૦૨૬ના રોજ વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે, તારીખ ૩૧.૦૭.૨૦૨૬ના રોજ ફરીથી ખાબકેલા ભારે વરસાદના પરિણામે બ્રિજ ઓવર ટોપિંગ થવાની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કોઝવેના એપ્રોચમાં ફરી એકવાર ધોવાણ થયું હતું. આ પરિસ્થિતિને પહોંચી વળવા અને રસ્તો ઝડપથી પૂર્વવત કરવા માટે તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવ્યા છે. વરસાદનું જોર ઘટતાં જ માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), વલસાડ દ્વારા મટીરીયલ અને મશીનરીની મદદથી યુદ્ધના ધોરણે મરામતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે વિભાગ દ્વારા ૧૦ અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે. આ ટીમોમાં ૭૫ જેટલા શ્રમિકો, ૧૧ જેસીબી મશીન, ૫ ટ્રેક્ટર અને ૨ ડમ્પરનો ઉપયોગ કરીને રસ્તાઓ તેમજ સીડી વર્ક્સના સમારકામની કામગીરી અત્યંત ઝડપથી કરવામાં આવી રહી છે, જેથી નાગરિકો માટે આ માર્ગ વહેલી તકે ફરીથી કાર્યરત કરી શકાય.

## વલસાડની કોમર્સ કોલેજમાં મેહંદી સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** નૂતન કેળવણી મંડળ સંચાલિત શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સપ્તધારા અને સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિનો વિકાસ થાય તેમજ મેહંદીના રંગોને અલંકારિક રીતે રજુ કરી શકાય તે માટે એક મેહંદી સ્પર્ધાનું આયોજન કોલેજના લાયબ્રેરી ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં, ટ્રેડીશનલ મેહંદીમાં કુ.વિશાખા પાટીલ ટી.વાય. અને



પ્રગતિ રાણા ટી.વાય., દ્વિતીય ક્રમે ટીશા નાયકા ટી.વાય. અને હની ચાંપાનેરી એસ.વાય., તૃતીય ક્રમે નંદની સોલકર એફ.વાય. અને પ્રતીક્ષા હળપતિ એફ.વાય., તેમજ અરેબિક મેહંદીમાં પ્રથમ ક્રમે આશિયા કયાત, એસ.વાય., દ્વિતીય ક્રમે પ્રિયા વિશ્વકર્મા, એફ.વાય. વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં ડૉ. સપના રાવલ, પ્રો.હેમાંગીની શાહ, પ્રો.દિવ્યા ઢીમ્મરએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોની પ્રસ્તુતિઓનું નિષ્પક્ષતા અને પ્રસંશાપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું તેમજ પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા સપ્તધારા અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. દક્ષાબેન જી. ઠાકોર, સહ અધ્યક્ષા ડૉ.મિનાક્ષી જરીવાલા, સભ્ય પ્રા. કિંજલ પટેલ અને સભ્ય પ્રા.પ્રિયા ગાંધી દ્વારા તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ સ્પર્ધાનું સંચાલન પ્રો.પ્રિયા ગાંધીએ કર્યું હતું. સ્પર્ધાના સફળ આયોજન માટે કોલેજના ઈન્ચાર્જે આચાર્ય પ્રા. વિજયકુમાર આર.ચાંપાનેરીએ શુભેચ્છા પાઠવી હતી.

## વલસાડમાં પારિવારિક વિવાદનો અભયમ મહિલા હેલ્પલાઇનના હસ્તક્ષેપથી સુખદ અંત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લામાં રહેતી એક પરિણીત મહિલાએ પોતાના પતિના લગ્નબાહ્ય સંબંધ, ઘરેલુ વિવાદ, મારઝૂડ તથા પરિવાર પ્રત્યેની બેદરકારીના કારણે માનસિક તણાવ અનુભવતા મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે તાત્કાલિક હસ્તક્ષેપ કરી પીડિતા સાથે વિશ્વાસપૂર્વક વાતચીત કરી સમગ્ર ઘટનાની વિગત જાણી હતી. ત્યારબાદ બંને પક્ષોની અલગ-અલગ રજૂઆત સાંભળી નિષ્પક્ષ રીતે હકીકતો સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પીડિતાના જણાવ્યા મુજબ, તેમના પ્રેમલગ્ન થયા છે અને તેમને ત્રણ વર્ષનો એક પુત્ર છે. તેમના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી તેઓ વારંવાર મંદિર જવાના બહાને ઘરેથી નીકળી જતા અને મોડી રાત્રે ઘરે પરત આવતા હતા. શંકા જતાં પીડિતા એક દિવસ તેમની સાથે ગઈ હતી, જ્યાં પતિએ એક મહિલાની ઓળખાણ કરાવી હતી. થોડા સમય બાદ તે મહિલા પીડિતાના ઘરે પણ આવી હતી. ત્યારબાદ પીડિતાએ પતિના મોબાઈલ ફોનમાં બંને વચ્ચે થયેલી વાતચીત તથા સાથે ફરવા ગયાના ફોટોગ્રાફસ જોયા હતાં. આ અંગે પૂછપરછ કરતાં પતિ ઉશ્કેરાઈ જતા, પીડિતા સાથે મારઝૂડ કરતા તેમજ ઘરખર્ચ અને બાળકની જવાબદારી યોગ્ય રીતે નિભાવતા ન હતા. બાળકના ઉછેરનો મોટાભાગનો ખર્ચ સસરા ઉઠાવતા હોવાથી પીડિતા સતત માનસિક, ભાવનાત્મક અને આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે બંને પક્ષોનું સંવેદનશીલતા, ધીરજ અને નિષ્પક્ષતા સાથે વિસ્તૃત કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે પતિને સમજાવ્યું કે, વૈવાહિક જીવન વિશ્વાસ, પરસ્પર સન્માન, જવાબદારી અને પારદર્શિતા પર આધારિત છે. લગ્નબાહ્ય સંબંધો માત્ર દંપતી વચ્ચેના વિશ્વાસને જ નહીં, પરંતુ સમગ્ર પરિવારના સુખ, બાળકના માનસિક વિકાસ અને ભવિષ્યને પણ અસર કરે છે.

ટીમ દ્વારા પતિને વધુમાં સમજાવવામાં આવ્યું સાથે જ પીડિતાને પણ તેના કાનૂની અધિકારો, ઉપલબ્ધ સહાય સેવાઓ તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મળતી કાઉન્સેલિંગ અને માર્ગદર્શન સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

દંપતી વચ્ચે સફળતાપૂર્વક સમાધાન થયું અને પારિવારિક જીવનને નવી દિશા મળી હતી. પીડિતાએ હાલ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની ઈચ્છા ન હોવાનું જણાવી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની કામગીરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો

## છીપવાડનું ગરનાળું ૧૫ દિવસથી બંધ

### ઔરંગાના પૂર બાદ ગરનાળું બંધ રહેતાં ૨૦થી વધુ ગામોના લોકો અટવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** ગત ૨૩મી જુલાઈના રોજ વલસાડ જિલ્લામાં આવેલા ભારે પૂરના કારણે વલસાડને ખેરગામ સાથે જોડતું અતિ મહત્વનું છીપવાડ રેલવે ગરનાળું વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યું છે. પૂરના પ્રચંડ પ્રવાહને કારણે ગરનાળામાં નાખવામાં આવેલા પેવર બ્લોક અને ડામરનો રસ્તો ધોવાઈને ઉખડી ગયો હતો, જેને દસ-દસ દિવસ વિત્યા બાદ પણ યથાવત પરિસ્થિતિમાં છોડી દેવાતાં વાહનચાલકો ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે.

બીજી તરફ, પૂરના પાણીને કારણે ઔરંગા નદીના બ્રિજ પરનો મુખ્ય રસ્તો પણ ધોવાઈ ગયો હતો. જોકે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઔરંગા બ્રિજના રસ્તાનું તાત્કાલિક રીપેરિંગ હાથ ધરીને તેને સરખો કરવામાં આવ્યો હતો. ૩૧મી જુલાઈના રોજ ઔરંગા નદીમાં ફરીવાર પૂર આવતાં બ્રિજ પરથી પાણી ફરી વળ્યા હતાં અને બીજી વખત રસ્તો ધોવાઈ ગયો હતો. તંત્ર દ્વારા બ્રિજનું સમારકામ ફરીથી કરી દેવાયું હોવા છતાં, છીપવાડ ગરનાળું હજુ સુધી બંધ રખાતાં વાહનવ્યવહાર પૂર્વવત થઈ શક્યો નથી.

છીપવાડ ગરનાળું બંધ હોવાના કારણે વલસાડ-ખેરગામ રોડ પર આવેલા ૨૦થી વધુ ગામોના હજારો લોકોને દૈનિક અવરજવર માટે ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. શાળા-કોલેજે જતાં વિદ્યાર્થીઓ, રોજગાર અર્થે વલસાડ આવતા નોકરિયાત વર્ગ, દર્દીઓ અને સામાન્ય મુસાફરોને હવે ગુંદલા થઈને ધરમપુર ચોકડી વાળા રસ્તેથી લાંબો ચકરાવો મારીને વલસાડ શહેર પ્રવેશવાની ફરજ પડી રહી છે. છેલ્લા બે અઠવાડિયાથી ગરનાળાનો રસ્તો બંધ હોવાથી અમારો કિંમતી સમય અને પેટ્રોલ બંનેનો બગાડ થઈ રહ્યો છે. તંત્ર દ્વારા ઔરંગા બ્રિજનું કામ ઝડપથી પતાવાયું તે આવકારદાયક છે, પરંતુ છીપવાડ ગરનાળાનું સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરીને આ રસ્તો વહેલી તકે ખુલ્લો મુકવામાં આવે તે અત્યંત જરૂરી છે.

ગરનાળામાં પેવર બ્લોક અને ડામરનું કામ તાત્કાલિક પૂર્ણ કરી વાહનવ્યવહાર પુન: શરૂ કરવામાં આવે તેવી આજુબાજુના ૧૫થી ૨૦ ગામોના રહીશોની ઉગ્ર માંગ કરી રહ્યા છે.




## વલસાડ પાલિકાની ૧૦મીએ સામન્યસભા મળશે

### મુલતવી રખાયેલી ખાસ સામાન્ય સભામાં શહેરના વિકાસના ૪૫ કામો અંગે નિર્ણય લેવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** તાજેતરમાં વલસાડ શહેર તથા સમગ્ર જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી ઘોડાપૂરની સ્થિતિને પગલે નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ રાહત તથા સર્વેની કામગીરીમાં વ્યસ્ત હોવાથી જુલાઈ-૨૦૨૬ની સામાન્ય સભા યોજી શકાઈ નહોતી. હવે આ મુલતવી રખાયેલી ખાસ સામાન્ય સભા આગામી તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૧ઃ૩૦ કલાકે વલસાડ નગર સેવા સદનના અટલ બિહારી વાજપેયી સભાખંડમાં પ્રમુખ માલતીબેન મુકેશકુમાર ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાનાર છે.

આ સભામાં વહીવટી, લાઈટ, ડ્રેનેજ, ટાઉન પ્લાનિંગ, રોડ-રસ્તા, આરોગ્ય અને હિસાબી શાખાને લગતા કુલ ૪૫ જેટલા મહત્વપૂર્ણ કામો અને એજન્ડા મુદ્દાઓ સર્વાનુમતે મંજૂર કરી તેના પર આખરી નિર્ણયો લેવામાં આવશે.

શહેરમાં ભરાયેલા પૂરના પાણીનો નિકાલ કરવા માટે ૬.૫૫ લાખથી વધુના ખર્ચે ૦૨ ડી-વોટરીંગ પંપ ખરીદી, તેમજ વલસાડ-પારડી રેલવે અંડર પાસ પાસે ૧૫ લાખના ખર્ચે ૧૮૦૦ એમ. એમ. વ્યાસની પાઈપલાઈન નાંખી સ્ટોર્મ વોટર ડ્રેનેજનો નિકાલ કરવાના નિર્ણયને મંજૂરી અપાશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોધાભાઈ હોલ સ્ટેડિયમ રોડથી આઝાદ ચોક અને તળાવ સુધીના આઈકોનિક (૨.૦) રોડ બ્યુટીફિકેશન, ટ્રાફિક સિગ્નલ, સીસીટીવી અને સી.સી. રોડના કન્સ્ટ્રક્શન માટેના રિવાઈઝડ અંદાજપત્રને બહાલી આપવા અંગે ચર્ચા થશે. રસ્તાઓ સાર્વજનિક કરવા અને દબાણ હટાવવા વોર્ડ નં. ૧૦ની ગાયત્રી સોસાયટીમાં ચોમાસા બાદ ડામર રોડ બનાવવા અને દબાણ હટાવવા તેમજ સાર્વજનિક કરવા યોગ્ય સોસાયટીઓના રોડ-રસ્તા સાર્વજનિક કરવા માટેના નીતિવિષયક નિર્ણયો લેવાશે. નગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ ડિજિટલ મ્યુઝિયમના રીનોવેશન અને રીપેરીંગ કામને મંજૂરી આપવામાં આવશે.

ભૂગર્ભ જળ સંચય કચ ધ રેન અભિયાન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના કામો અને સરકારી જમીન પરના દબાણો રોકવા ફેન્સિંગ (વાડ) કરવાના આયોજન પર નિર્ણયો લેવાશે. પાલિકા શહેરના સર્વાંગી વિકાસ, પૂર બાદની પુનઃનિર્માણ કામગીરી અને પ્રજાકીય સુવિધાઓને વેગ આપવા માટે આ ૪૫ મુદ્દાઓ અત્યંત મહત્વના સાબિત થશે.

### શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા

## જિલ્લામાં પરગ્રસ્તોને રૂા. ૧,૭૯,૮૦૦ ની આર્થિક સહાયની મદદ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડમાં પડેલા ભારે વરસાદના પગલે વલસાડ વિસ્તારના સાત જેટલા ગામોમાં વસતા સમાજના લોકોને શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા પૂરગ્રસ્ત ૭૨ પરિવારોને ૧,૭૯,૮૦૦ ની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ૨૩ મીના રોજ આવેલા વિનાશક પૂરના કારણે વલસાડ તાલુકા અને શહેરના અનેક વિસ્તારો ભારે પ્રભાવિત થયા હતા. અને લોકોને ભારે નુકસાન થયું હતું. આ મુશ્કેલ સમયમાં સાચી માનવતા અને સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા પૂરગ્રસ્ત પરિવારોની વહારે આવીને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી હતી. ગત તા. ૩૦/૦૭/૨૦૨૬ ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ અનુપભાઈ મેહવાલાની આગેવાની હેઠળ મંડળના હોદ્દેદારો અને કાર્યકરોએ અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. મંડળ દ્વારા સમાજના પૂરગ્રસ્ત વિસ્તાર એવા વલસાડ તાલુકા હરિયા ગામના ૧૬ પરિવારોને રૂા.૪૩,૦૦૦, વાડી વલસાડ પારડીમાં ૧૧ પરિવારોને રૂા.૨૪,૯૦૦, વલસાડ પારડીમાં ૧૩ પરિવારોને રૂા.૩૫૨૦૦, હનુમાન ભાગડા ગામના ૧૮ પરિવારોને રૂા. ૪૫,૨૦૦, લીલાપોર ગામના ૯ પરિવારોને રૂા.૨૧,૪૦૦, મોરાભાગડા ગામના ૪ પરિવારોને રૂા. ૮૧૦૦ વલસાડ શહેરમાં ૧ પરિવારને ૨૦૦૦ રૂપિયાની રોકડ સહાય આપવામાં આવી હતી. આમ સંસ્થા દ્વારા પૂરપીડિત ૭૨ પરિવારોને પરિવાર દીઠ ૨,૦૦૦થી ૫,૦૦૦ સુધીની, કુલ ૧,૭૯,૮૦૦ ની રોકડ સહાય વિતરિત કરવામાં આવી હતી.

## આજે વલસાડમાં મહિલા રોજગાર મેળો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** મિશન શક્તિ અને નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે વલસાડ જિલ્લામાં મહિલાઓ માટે વિશેષ રોજગાર અને સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રોજગાર કચેરી અને મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ દ્વારા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના સહયોગથી તા.૦૪/૦૮/૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે. ભરતી મેળાનું સ્થળ પ્રજાપતિ વાડી, શ્રી પ્રજાપતિ સમાજ ઉત્કર્ષ મંડળ પારડી, નેશનલ હાઈવે ૪૮ની બાજુમાં, સદગુરુ સોસાયટી, તાલુકો પારડી રાખવામાં આવ્યું છે. આ મેળામાં જિલ્લાની ૭ જેટલી નામાંકિત કંપનીઓ દ્વારા કુલ ૪૧૦ ખાલી જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવશે. જેમાં ધોરણ ૫ પાસથી લઈને ગ્રેજ્યુએટ તેમજ ITI પાસ ફ્રેશર અને અનુભવી મહિલાઓ માટે રોજગારીની સુવર્ણતક છે. સૌથી વધુ ૨૦૦ જગ્યાઓ વેલસ્પન લિવિંગ લિમિટેડમાં અને ૧૦૦ જગ્યાઓ ક્રિએટિવ ગાર્મેન્ટ્સમાં ઉપલબ્ધ છે.રોજગાર મેળવવા ઈચ્છુક તમામ મહિલાઓએ પોતાના જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો સાથે નિયત સમયે ઉપસ્થિત રહેવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.



## ઔરંગાનો મુખ્ય રસ્તો 'ડેન્જર ઝોન' બન્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** ગત ૨૩ જુલાઈના રોજ વલસાડ જિલ્લામાં વરસેલા ભારે વરસાદ અને ઔરંગા નદીમાં આવેલા પૂરના પાણીના કારણે વલસાડને જોડતા ઔરંગા નદીના બ્રિજ પાસેનો મુખ્ય રસ્તો ધોવાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈ માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને રસ્તો ત્વરિત રીપેર કરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકી દેવામાં આવ્યો છે. વિભાગની આ ઝડપી કામગીરીથી વાહનચાલકોને મોટી રાહત મળી છે, પરંતુ તેની સામે એક મોટું જોખમ હજુ પણ તોળાઈ રહ્યું છે. ખેરગામથી વલસાડ તરફ આવતાં ઔરંગા નદીના બ્રિજની ડાબી બાજુનો મોટો હિસ્સો પૂરના પ્રચંડ પ્રવાહમાં ધોવાઈ ગયો છે. રસ્તાનો આ ભાગ સીધો નદીના ઊંડા પાણી તરફ જાય છે. જો રાત્રિના સમયે કે વરસાદી ધૂંધળા વાતાવરણમાં કોઈ વાહનચાલકની સહેજ પણ નજર ચૂકી જાય અથવા વળાંક પર વાહન પરથી કાબૂ ગુમાવાય, તો વાહન સીધું જ નદીમાં ખાબકે તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. આટલું મોટું જોખમ હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ધોવાઈ ગયેલા ભયજનક ભાગ પર હજુ સુધી કોઈ પણ પ્રકારના સાવચેતીના બોર્ડ, રેડિયમ પટ્ટી કે જોખમ દર્શાવતી દોરી કે બેરિકેડ્સ મૂકવામાં આવ્યા નથી. સ્થાનિકો અને વાહનચાલકોનો આક્ષેપ છે કે તંત્ર કોઈ મોટા અકસ્માત કે જાનહાનિની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. દરરોજ આ માર્ગ પરથી હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. રાત્રિના સમયે આ સ્થળ અકસ્માતની ઝપેટમાં આવી શકે તેમ હોય, માર્ગ-મકાન વિભાગ તાત્કાલિક ધોરણે આ ભયજનક જગ્યા પર ચેતવણી આપતા સાંકેતિક બોર્ડ, લાઈટ/રેડિયમ સ્ટીકર અને સુરક્ષા માટે દોરી કે મજબૂત બેરિકેડિંગ લગાવે તેવી લોકમાગણી ઉઠી છે.

## વલસાડમાં પર પીડિત વિદ્યાર્થીઓને દેસાઈ પરિવારે શૈક્ષણિક કીટ વિતરણ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૩ :** ગત ૨૩મી જુલાઈના રોજ વલસાડ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા ભારે હોનારત સર્જાઈ હતી. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો માં ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોએ મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. આ આફતમાં અનેક માસુમ વિદ્યાર્થીઓ અને બાળકોના પુસ્તકો, નોટબુક, ચોપડા તથા સ્કૂલ બેગ સહિતની તમામ ચીજવસ્તુઓ પાણીમાં તણાઈ ગઈ હતી અથવા તો પલળીને બેકાર થઈ ગઈ હતી.



વિદ્યાર્થીઓની આ મુશ્કેલી અને અભ્યાસ અટકી પડવાની વિગત જાણવા મળતાં જ વલસાડના નાનકવાડા વિસ્તારના રહીશ સિનિયર રિપોર્ટર ઉત્પલભાઈ દેસાઈ બાળશિક્ષણની મદદ માટે આગળ આવ્યા હતા. ઉત્પલભાઈ અને તેમના પત્ની વૈશાલીબેન દેસાઈ સહિત દેસાઈ પરિવારે તુરંત જ જરૂરિયાતમંદ બાળકોની વિગતો એકત્રિત કરી હતી.

ત્યારબાદ વલસાડના તરીયાવડ અને વલસાડ પારડી વિસ્તારના પૂર અસરગ્રસ્ત ૧૦૦થી વધુ નાના બાળકો તથા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબુકો, પેન્સિલ સેટ, બોલપેન સેટ વગેરે જેવી જરૂરી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહારે આવેલા આ દેસાઈ પરિવારના સેવાકીય કાર્યથી માસુમ બાળકોના ચહેરા પર ફરી ખુશી જોવા મળી હતી. આ સેવાકીય કાર્યક્રમમાં રાજા ખત્રી, કમલેશ હરિયાવાલા, કૃપાલી હરિયાવાલા, ભીખુભાઈ ભાવસાર, બ્રિજેશ પાંડે તથા દેવેન પટેલ હાજર રહ્યા હતાં અને તેમણે ઉત્સાહપૂર્વક સેવાનો લાભ લીધો હતો.

## પારડી સાંઢપોરમાં અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ પૂરપીડિતો અને જરૂરિયાતમંદોની વ્હારે આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૩ :** તાજેતરમાં વલસાડ વિસ્તારમાં આવેલા પૂરને કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંવેદનશીલતા દાખવીને વલસાડના પારડી સાંઢપોર ગામે આવેલા રઘુવંશી નગરમ, કોટેશ્વર નગરમાં પૂરપીડિતો અને જરૂરિયાતમંદોની વહારે આવી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

ટ્રસ્ટ દ્વારા આફત સમયમાં લોકોને મદદરૂપ થવાના આશયથી વ્યાપક રાહત અને સહાય અભિયાન ચલાવવામાં આવ્યું હતું.




રાશન અને ખાદ્યસામગ્રી અનાજ, લોટ સહિતની જીવનજરૂરી ખાદ્ય સામગ્રીની કીટ અપાઈ હતી.

રસોઈ કીટમાં વિશેષરૂપે દિવ્યાંગ વ્યક્તિઓ તેમજ ગંગા સ્વરૂપા બહેનોને ઘરવખરી માટે ઉપયોગી એવી સંપૂર્ણ રસોઈ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.મુશ્કેલીના સમયમાં સમાજના છેવાડાના માનવી સુધી મદદ પહોંચાડવીએ જ સાચી માનવસેવા છે.

આ સમગ્ર રાહત કાર્ય ટ્રસ્ટના પ્રેસિડેન્ટ ભાવનાબેન મિસ્ત્રી તથા ટ્રસ્ટના અન્ય હોદ્દેદારો અને સ્વયંસેવકોના સહિયારા પ્રયાસોથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ અભય ફાઉન્ડેશન ટ્રસ્ટની આ સરાહનીય કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

દમણગંગા ટાઈમ્સ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

# અન્ય સમાચારો

Tuesday 04, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 04, August 2026

## વિશ્વાસ સૌથી મોટી વાત

ચૂંટણી કમિશનરોની નિયુક્તિ અંગે સર્વોચ્ચ અદાલતમાં મોટાપાયે ચર્ચા ચાલી રહી છે. કોર્ટ અને સરકાર દલીલ-પ્રતિ દલીલ કરી રહ્યા છે. ગુરુવારે જસ્ટીસ દિપાંકર દત્તાણી, જસ્ટીસ સતિષચંદ્ર શર્માની બેંચે કરેલી સુનાવણી બાદ આખું પ્રકરણ મોટી બેંચ તરફ પહોંચ્યુ છે. જ્યારથી આ ચર્ચા શરૂ થઈ છે, તે પછીના ૨૮મા દિવસે કેસ ટ્રાન્સફરની માગણી કરાઈ રહી છે. સરકારે ચૂંટણી કમિશનરોની નિયુક્તિ માટે જે કાયદા ઘડયા છે, તેમાં ભારતના ચીફ જસ્ટીસને રખાયા નથી તે સંદર્ભે ડો. જયા ગુપ્તાએ ૨૦૨૩માં અરજી દાખલ કરી હતી. તે કેસ હવે અગત્યના તબક્કામાં પહોંચ્યો છે. સપ્રીમ કોર્ટે આ અંગે કહ્યુ કે, નિષ્પક્ષતા માત્ર હોય તે પૂરતું નથી, દેખાવી પણ જોઈએ. સરકાર તરફે સોલીસીટર જનરલ તુષાર મહેતાએ એવી દલીલ કરી કે, ન્યાયતંત્ર વડાપ્રધાન પર અવિશ્વાસ કરી શકે નહીં. કોર્ટે કહ્યુ કે, ચૂંટણીપંચ જેવી સ્વતંત્ર સંસ્થામાં વિશ્વાસ જળવાય તે અગત્યનું છે. વડાપ્રધાનની નિષ્ઠા અંગે સંશય કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તુષાર મહેતાએ કહ્યુ કે, વડાપ્રધાન કાર્યાલય સાથે પવિત્રતા અને વિશ્વસનીયતા જોડાયેલી છે. રાજ્યનું કોઈ અંગ એવું ધારી શકે નહીં કે, બહુ જનમતથી ચૂંટાયેલા વડાપ્રધાન યોગ્ય રીતે કામ નહીં કરે. કેબીનેટમાં મંત્રી પસંદ કરતી વખતે પણ જજની સલાહ લેવી પડશે સંસદ દ્વારા રચાયેલા કાયદાને માત્ર તે કારણથી રદ કરી શકાય નહીં કે, જેમાં મુખ્ય ન્યાયાધીશ સામેલ નથી. તુષાર મહેતાએ સ્પષ્ટ કહ્યુ કે, વડાપ્રધાન જેની નિયુક્તિ કરશે, તે વ્યક્તિ ખોટું કરશે તેવો સવાલ જ ઊઠવો ન જોઈએ. વડાપ્રધાન કાર્યપાલિકાના પ્રમુખ છે અને તેઓ વિધાયિકા પ્રત્યે પણ જવાબદાર છે જ. ન્યાયપાલિકામાં નિયુક્તિ થાય, ત્યારે જજ, જજને પસંદ કરે છે અને તેમની ઉપર આખો દેશ વિશ્વાસ કરે છે. તે સમયે એવું કહી ન શકાય કે, જે જજની પસંદગી થઈ છે તે ખોટી છે. સર્વોચ્ચ અદાલતે પણ સ્પષ્ટ કર્યું કે, વડાપ્રધાન પર ભરોસો હોય જ, સવાલ માત્ર ચૂંટણીપંચની નિમણૂકોમાં નિષ્પક્ષતા દેખાવી જોઈએ એટલો જ છે. સરકારના પક્ષે થઈ રહેલી દલીલ પણ તાર્કિક અને મુદ્દાસર છે, સામે જે પ્રશ્નો ઊઠયા છે, તે આખી વ્યવસ્થામાં સી.જે.આઈ.નો સમાવેશ કેમ નહીં તે સંદર્ભે છે. જો કે, જે પ્રમાણે તુષાર મહેતાએ કહ્યુ છે તે મુજબ વડાપ્રધાન કાર્યાલય ઉપર સીધો જ સંશય કરવો ઉચિત નથી.

### ૨,૫૩૦ કિમી વિસ્તાર 'નો-ફ્લાય ઝોન' જાહેર

# ભારત ૬-૭ ઓગસ્ટે મેગા મિસાઈલ ટેસ્ટ કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩ : ભારતે ૬ અને ૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સંભવિત લાંબા અંતરની મિસાઈલ પરીક્ષણને ધ્યાનમાં રાખીને હિંદ મહાસાગર વિસ્તારમાં વિશેષ NOTAM (NOice to Airmen) જાહેર કર્યું છે. આ સૂચના અનુસાર ઓડિશાના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વીપ સાથે જોડાયેલા આશરે ૨,૫૩૦ કિલોમીટર લાંબા દરિયાઈ વિસ્તારને અસ્થાયી 'નો-ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.

જાહેર કરાયેલા NOTAM મુજબ પરીક્ષણ માટેની સંભાવિત સમયવિન્ડો ૬ ઓગસ્ટે સાંજે લગભગ ૬ વાગ્યાથી શરૂ થઈ ૭ ઓગસ્ટે રાત્રે લગભગ ૯ વાગ્યા સુધી રહેશે.

જોકે કઈ મિસાઈલનું પરીક્ષણ થવાનું છે તેની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.

રક્ષા નિષ્ણાતોના મતે પ્રતિબંધિત વિસ્તારનું કદ જોતા આ પરીક્ષણ અગ્નિ શ્રેણીની લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલ અથવા K-૪ સબમરીન-લૉન્ચ્ડ બેલિસ્ટિક મિસાઈલ સાથે સંબંધિત હોઈ શકે છે. જોકે આ અંગે સરકાર કે સંરક્ષણ સંસ્થાઓએ કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

અબ્દુલ કલામ દ્વીપ પર આવેલું પરીક્ષણ કેન્દ્ર DRDO અને સ્ટ્રેટેજિક ફોર્સેસ કમાન્ડ દ્વારા સંચાલિત થાય છે. પરીક્ષણ દરમિયાન મિસાઈલની માર્ગદર્શન પ્રણાલી, પ્રોપલ્શન ક્ષમતા તેમજ અદ્યતન ટેક્નોલોજીની કામગીરીનું મૂલ્યાંકન થવાની શક્યતા છે. સુરક્ષા કારણોસર હવાઈ અને દરિયાઈ માર્ગ પર અસ્થાયી પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે, જ્યારે સત્તાવાર વિગતો જાહેર થયા બાદ જ પરીક્ષણ અંગે સંપૂર્ણ માહિતી સ્પષ્ટ થશે.

## ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ નજીક રેલવે નેટવર્ક થશે વધુ મજબૂત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩ઃભારત પોતાની સરહદોને એવા મજબૂત સુરક્ષા કવચથી સજ્જ કરવા જઈ રહ્યું છે, જેના કારણે માત્ર સરહદી વિસ્તારોમાં રહેતા સામાન્ય લોકોનું જીવન તો બદલાશે જ, પરંતુ ભારતીય સેના પણ ખૂબ જ સરળતાથી અને ઓછા સમયમાં ટેક્ન અને તોપોને સરહદ પર તહેનાત કરી શકશે. બ્લૂમબર્ગના એક અહેવાલ અનુસાર, ભારત ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશને અડીને આવેલા અત્યંત સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં પોતાનું રેલવે નેટવર્ક વધુ મજબૂત બનાવશે. તેના માટે ૪૫,૦૦૦ કરોડ (૫ અબજ ડોલર) જેટલી મોટી રકમ ખર્ચવામાં આવશે. સરહદી વિસ્તારોમાં રેલવે નેટવર્ક મજબૂત બનાવવા માટે આગામી ૧૮ થી ૨૪ મહિનામાં આ મોટી રકમ ખર્ચવામાં આવશે. પંજાબ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, આસામ અને પૂર્વોત્તરના અન્ય રાજ્યોમાં નવી રેલવે લાઈનો બિછાવવામાં આવશે, પ્લેટફોર્મને આધુનિક બનાવવામાં આવશે અને સમગ્ર નેટવર્કને બેવડા



ઉપયોગ માટે યોગ્ય બનાવવામાં આવશે. નામ જાહેર ન કરવાની શરતે સૂત્રોએ જણાવ્યું કે, સરહદી રાજ્યો માટે પ્રસ્તાવિત ૫ અબજ ડોલરની આ યોજના આગામી બે વર્ષમાં રેલવે માટે નક્કી કરાયેલા કુલ માળખાગત ખર્ચના લગભગ ૨૨% જેટલી છે. તેનાથી આ યોજનાના મહત્ત્વનો અંદાજ લગાવી શકાય છે. આ વ્યૂહાત્મક યોજનાનો સૌથી મોટો ફાયદો એ છે કે તેને 'ડ્યુઅલ-યૂઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' એટલે કે બેવડા ઉપયોગ માટે તૈયાર કરવામાં આવી રહ્યુંછે. તેના કારણે હિમાલયના દુર્ગમ વિસ્તારો, લદ્દાખ, સિલીગુડી કોરિડોર અને પૂર્વોત્તરમાં કોઈપણ પ્રકારના તણાવની સ્થિતિ સર્જાય ત્યારે સેનાને ભારે હથિયારો, રાશન અને સૈનિકોને પહોંચાડવામાં લાગતો સમય અડધો થઈ જશે. ઉપરાંત, દૂરના સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને દરેક ઋતુમાં અવરજવર માટે સારી સુવિધા મળશે. તેનાથી વેપાર, રોજગાર અને પર્યટનને પણ પ્રોત્સાહન મળશે.

## ભારત સરહદે પાકિસ્તાનની સૈન્ય તૈનાતીમાં વધારો

### પૂર્વી સરહદે ૨૫૦ ચીની બનાવટની સ્વચાલિત આર્ટિલરી તૈનાત; સંરક્ષણ વિશ્લેષકોની નજર વિકાસ પર





(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩ : ભારત-પાકિસ્તાન સરહદ પર પાકિસ્તાન દ્વારા સૈન્ય ક્ષમતામાં વધારો કરવાના અહેવાલોએ વ્યૂહાત્મક વર્તુળોમાં ચર્ચા જગાવી છે. મીડિયા અહેવાલો અનુસાર, પાકિસ્તાને ભારત સાથેની પૂર્વીય સરહદના વિવિધ મહત્વપૂર્ણ વિસ્તારોમાં ચીનમાં નિર્મિત SH-૧૫ ટ્રક-માઉન્ટેડ સ્વચાલિત હોવિત્ઝર તોપોની આશરે ૨૫૦ એકમો તબક્કાવાર તૈનાત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. જોકે, આ દાવાઓ અંગે બંને દેશોની તરફથી સત્તાવાર વિગતવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

SH-૧૫ એ ૧૫૫ મીમી/૫૨-કેલિબરની સ્વચાલિત આર્ટિલરી સિસ્ટમ છે, જે ચીનની સરકારી સંરક્ષણ કંપની નોરિન્કો (NORINCO) દ્વારા વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ ૬□૬ ટ્રક પ્લેટફોર્મ પર આધારિત હોવાથી ઝડપથી સ્થળાંતર કરી શકે છે અને વિવિધ પ્રકારના ભૂપ્રદેશમાં કાર્યરત રહેવા માટે તૈયાર કરવામાં આવી છે. સંરક્ષણ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ પ્રકારની મોબાઈલ આર્ટિલરી સિસ્ટમો ઝડપી તૈનાતી અને ઓપરેશનલ લવચીકતા માટે ઉપયોગી માનવામાં આવે છે.

પાકિસ્તાન છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની આર્ટિલરી અને અન્ય સંરક્ષણ સાધનોના આધુનિકીકરણ પર સતત ધ્યાન આપી રહ્યું છે. તેમાં ચીન સાથે વધતું સંરક્ષણ સહકાર પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં સાધનોની ખરીદી, ટેક્નોલોજી સહયોગ અને સંયુક્ત લશ્કરી અભ્યાસો સમયાંતરે યોજાતા રહ્યા છે.

સંરક્ષણ વિશ્લેષકોનું માનવું છે કે સરહદ વિસ્તારોમાં આવા સાધનોની તૈનાતીનું મૂલ્યાંકન માત્ર એક ઘટનાના આધારે નહીં, પરંતુ સમગ્ર પ્રાદેશિક સુરક્ષા પરિસ્થિતિના સંદર્ભમાં કરવું જરૂરી છે. ભારત પણ પોતાની સરહદી સુરક્ષા, દેખરેખ અને સંરક્ષણ ક્ષમતાઓને સતત મજબૂત બનાવવાના પ્રયાસો ચાલુ રાખી રહ્યું છે.

## દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

### વારી એનર્જીસની પ્રથમ ત્રિમાસિક ગાળાની આવક ૭,૯૩૧.૭૯ કરોડ નોંધાઈ

**સુરત, તા. ૦૧ :** વારી એનર્જીસની પ્રથમ ત્રિમાસિક ગાળાની આવક ૭,૯૩૧.૭૯ કરોડ નોંધાઈ, નાણાં વર્ષ ૨૦૨૭માં મજબૂત કામગીરી; વારી૨.૦ ની સફળતાને પગલે આવકમાં વાર્ષિક ધોરણે ૭૯.૨૨ ટકાનો વધારો. કંપનીને ૧૬,૦૦૦ કરોડના નવા ઓર્ડર્સ મળવાને લીધે હવે કુલ ઓર્ડરબુક વધીને ૬૧,૫૦૦ કરોડ થઈ. આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ, EBITDA અને નફાકારકતા પણ મજબૂત રહી. Q1FY27માં ઓપરેટિંગ EBITDAમાં વાર્ષિક ધોરણે ૪૪.૩૮ ટકાનો વધારો થયો. Q1FY27માં PAT વાર્ષિક ધોરણે ૧૫.૩૯ ટકા વધ્યો.

## બાંકીપુર પેટા ચૂંટણીમાં ભાજપને મોટો ઝટકો, પ્રશાંત કિશોરે મારી બાજી

(સંપૂર્ણ સમાચાર સેવા)
પટણા, તા.૩ : બાંકીપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોરે ચૂંટણી જીતી લીધી છે. તેમણે ભાજપના ઉમેદવાર નીરજ કુમારને ૧૮,૯૫૩ મતોથી હરાવ્યા હતા. તેમણે પોતાની જીતને લોકોનો વિજય ગણાવ્યો હતો. જોકે, જીતના થોડા સમય પહેલા પ્રશાંત કિશોરે પોતાની ભવિષ્યની રણનીતિ જાહેર કરી હતી. ભાજપના ઉમેદવાર નીરજ કુમાર સિંહા બીજા અને આરજેડી ઉમેદવાર રેખા કુમારી ત્રીજા સ્થાને રહ્યા હતા. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે બાંકીપુર બેઠક જીતવાથી બાંકીપુર બેંગ્લુરુ નહીં બને. તેના બદલે રાજ્યના વડામાં પરિવર્તનની જરૂર છે. પ્રશાંત કિશોરે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ દ્રઢ્ઢછ પાસે બિહારના એવા મુખ્યમંત્રીની નિમણૂકની માંગ કરે છે જે રાજ્યના લોકોની ચિંતા કરે અને તેમના વિકાસ માટે કામ કરે.

એ નોંધવું જોઈએ કે પ્રશાંત કિશોરે શરૂઆતથી જ ચૂંટણી પરિણામોમાં લીડ જાળવી રાખી હતી. ૩૧ રાઉન્ડની મતગણતરીમાં તેઓ એક પણ વાર પાછળ રહ્યા નહીં. પીકેનો મુખ્ય મુકાબલો ભાજપના ઉમેદવાર નીરજ કુમાર સાથે હતો. નીરજ કુમારને ભાજપે ઉમેદવાર તરીકે પસંદ કર્યાહતા. નીરજ કુમાર ૩૧ રાઉન્ડની મતગણતરીમાં એક પણ વાર પીકેને હરાવવામાં નિષ્ફળ ગયા.

પ્રશાંત કિશોરે બાંકીપુરની જીત વિસ્તારના લોકોને સમર્પિત કરી. તેમણે તેને લોકોનો વિજય ગણાવ્યો અને કહ્યું કે આગામી બે થી ત્રણ મહિનામાં આ જીતની અસર દેખાશે. તેમણે કહ્યું કે તેઓ આ વિસ્તારના વિકાસ માટે શક્ય તેટલું બધું કરશે. પરંતુ ફક્ત એક બેઠક જીતવાથી બાંકીપુર બેંગ્લુરુ બનશે નહીં આ માટે મુખ્યમંત્રીનો સાથ જરૂરી છે.

બાંકીપુર જીત્યા પછી તેઓ પહેલા શું કરશે તે પૂછવામાં આવતા, પ્રશાંત કિશોરે કહ્યું, "બાંકીપુરને સુધારવા માટે હું મારાથી બનતું બધું કરીશ. તમને થોડા મહિનામાં સુધારો દેખાવા લાગશે.

## મધ્ય પ્રદેશની દતિયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસ વિજયી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મધ્ય પ્રદેશ, તા.૩ : મધ્ય પ્રદેશની દતિયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભવ્ય વિજય મેળવ્યો છે. પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીની અયોગ્યતા બાદ ખાલી પડેલી આ બેઠક પર કોંગ્રેસના અનુભવી નેતા કુંવર ઘનશ્યામ સિંહે ભાજપના આશુતોષ તિવારીને હરાવીને જીત મેળવી. આ જીતને કારણે રાજ્યના રાજકીય સમીકરણોમાં નવો વળાંક આવ્યો છે, અને કોંગ્રેસ કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. ભાજપમાં આંતરિક અસંતોષ અને કોંગ્રેસ પ્રત્યેની સહાનુભૂતિ પણ આ પરિણામ માટે જવાબદાર ગણાઈ.

મધ્ય પ્રદેશની ચર્ચિત દતિયા વિધાનસભા સીટની પેટાચૂંટણીનો મુકાબલો ખૂબ જ રસપ્રદ રહ્યો છે. ચૂંટણી પરિણામે ન માત્ર બુંદેલખંડ, પરંતુ આખા રાજ્યના રાજકીય સમીકરણોને નવો વળાંક આપી દીધો છે. પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીની અયોગ્યતાના કારણે ખાલી પડેલી સીટ બચાવવી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો વિષય હતો, અને પાર્ટીએ પૂર્વ ધારાસભ્ય કુંવર ઘનશ્યામ સિંહ પર ભરોસો મૂક્યો, જેમણે ભાજપ ઉમેદવાર આશુતોષ તિવારીને હરાવીને સીટ જાળવી રાખી. આ જીતને લઈને કોંગ્રેસ કાર્યકરોમાં ઉજવણીનો માહોલ છે.

વર્ષ ૨૦૨૩ની મધ્ય પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં પૂર્વ ગૃહમંત્રી ડૉ. નરોત્તમ મિશ્રાને કોંગ્રેસના રાજેન્દ્ર ભારતીએ હરાવ્યા હતા, અને હવે નરોત્તમ મિશ્રાની જગ્યાએ ઉતરેલા આશુતોષ તિવારીને કોંગ્રેસના કુંવર ઘનશ્યામ સિંહે હરાવીને ફરી કોંગ્રેસનો પરચમ લહેરાવ્યોછે. કોંગ્રેસે દતિયામાં સ્થાનિક સ્તરે નવા પ્રયોગ કરવાને બદલે પોતાના જૂના અને અનુભવી ચહેરા કુંવર ઘનશ્યામ સિંહ પર દાવ ખેલ્યો. દતિયા સીટથી પહેલા પણ ધારાસભ્ય રહી ચૂકેલા ઘનશ્યામ સિંહની ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સીધી પકડ છે. પોતાની સ્વચ્છ છબી, અને લાંબા રાજકીય અનુભવના દમ પર તેઓ મતદારોનો વિશ્વાસ જીતવામાં

## માંજલપુરની પેટાચૂંટણીમાં ભાજપના સતિષ પટેલની જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૩ : વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું પરિણામ આજે (૩ ઓગસ્ટ) જાહેર થયું હતું. ૩૦ જુલાઈએ યોજાયેલી પેટાચૂંટણીમાં માત્ર ૩૭.૦૫ ટકા મતદાન નોંધાયા બાદ આજે કુલ ૧૯ રાઉન્ડમાં મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મતગણતરી પૂર્ણ થતાં ભાજપના ઉમેદવાર સતિષ પટેલે ૩૦,૪૯૯ મતની લીડ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીને કુલ ૨૪,૫૮૫ મત મળ્યા હતા. આ જીત સાથે ભાજપે માંજલપુર બેઠક પર પોતાનો દબદબો યથાવત્ રાખ્યો છે. મતગણતરી દરમિયાન શરૂઆતથી જ ભાજપના ઉમેદવાર સતિષ પટેલ સતત આગળ રહ્યા હતા. ૧૪મા રાઉન્ડના અંતે તેમને ૪૦,૫૧૦ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ભીખા રબારીને ૧૮,૦૦૧ મત મળ્યા હતા અને ભાજપ ૨૨,૫૦૯ મતથી આગળ હતું.

ત્યારબાદ ૧૭મા રાઉન્ડના અંતે સતિષ પટેલને ૪૯,૬૩૧ મત મળ્યા હતા, જ્યારે ભીખા રબારીને ૨૧,૧૮૩ મત મળ્યા હતા. નોટાને તે સમયે ૧,૯૯૮ મત મળ્યા હતા અને ભાજપની લીડ વધીને ૨૭,૪૪૮ મત થઈ ગઈ હતી. અંતે ૧૯મા રાઉન્ડની મતગણતરી પૂર્ણ થતાં ભાજપે ૩૦,૪૯૯ મતની નિર્ણાયક લીડ સાથે જીત નોંધાવી હતી. વિજય બાદ ભાજપના ઉમેદવાર સતિષ પટેલે જણાવ્યું હતું કે, "માંજલપુરની જનતાએ જે રીતે યોગેશ કાકાને સહકાર આપ્યો હતો, એ જ વિશ્વાસ અને પ્રેમ મને પણ આપ્યો છે. આ જીત લોકોના આશીર્વાદ અને કાર્યકરોની મહેનતનું પરિણામ છે. હું આ જવાબદારીને સંપૂર્ણ નિષ્ઠા સાથે આગળ વધારીશ." બીજી તરફ ભાજપની જીત નિશ્ચિત બનતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મહિલા કાર્યકરોએ ગરબા રમીને વિજયની ઉજવણી કરી હતી.

## માંડવીમાં બે દિવસીય સંસ્કાર સાહિત્ય મહોત્સવ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૩:** કચ્છની જાણીતી સંસ્થા શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ(વી.આર.ટી.આઈ.), માંડવી-કચ્છ ધ્વારા આગામી તા. ૨૬/૨૭ સપ્ટેમ્બર-૨૦૨૬ (બે દિવસ) સંસ્કાર સાહિત્ય મહોત્સવનું આયોજન કરાયું છે. કચ્છ યુનિ. પ્રથમ કુલપતિ અને જાણીતા સર્જક ડો. કાન્તિ ગોરઁકારણઁના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ મહોત્સવનો પ્રમુખ હેતુ ગરવી ગુજરાતના કેટલાક ગૌરવવંતા સાહિત્ય સર્જકોના વિવિધ સર્જનોનો આસ્વાદ વર્તમાન સમયના યુવાનો અને ભાવકોને મળે તેવો છે.

સંસ્થાના માંડવી ખાતેના પરિસરમાં યોજાનાર આ કાર્યક્રમ શ્રી હરિહીરા તર્પણ ટ્રસ્ટ-મુંબઈ, એગ્રોસેલ ફાઉન્ડેશન, અજીતભાઈ માનસતા- માનસતા ડેવલોપર્સ, તુષારભાઈ દેઢિયા અને પ્રવીણ વીરા સહયોગી બન્યા છે. આ મહોત્સવમાં અર્વાચીન ઊર્મિ કવિતાના અગ્રણી કવિ, સર્જક અને વિવેચક નરસિંહરાવ દિવેટિયા વિષય પર ડો. રાજેશ પંડયા, ગુજરાતી કવિતાના ચિરંતન ઊર્મિકવિ કવિ નાનાલાલઁ વિષય પર ડો. ઉષાબેન ઉપાધ્યાય, માર્મિક ગદ્યના સ્વામી સ્વામી આનંદ વિષય પર પૂજન જાની, આધ્યાત્મિક ચેતના અને મસ્તીના મરમી કવિ સાઈ મકરંદ દવે વિષય પર ડો. યોગેશ જોશી, ઠોઠ નિશાળીયાની ગંભીર રમુજ બકુલ ત્રિપાઠીનું હાસ્ય વિશ્વ વિષય પર ડો. ચેતના ગોર, હાસ્ય અને કટાક્ષના કસબી વિનોદ ભટ્ટ વિષય પર માવજી મહેશ્વરી તથા અલ્પજીવી પણ અમર સર્જક રાવજી પટેલ વિષય પર ડો. નિયતીબેન અંતાણી વકતવ્ય આપશે. આ મહોત્સવનું ઉદઘાટન શિક્ષણ-સાહિત્ય પ્રોત્સાહક અજીતભાઈ માનસતા કરશે અને બીજ વકતવ્ય ડો. કાન્તિ ગોર આપશે. આ કાર્યક્રમમાં બંને દિવસ ભાગ લેવા ઈચ્છતા ૧૮ વર્ષથી ઉપરના કોઈપણ વ્યકિત ભાગ લઈ શકશે. કાર્યક્રમના સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. ભાગ લેનાર તમામને રહેવા-જમવા સહિતની સુવિધાઓ સંસ્થા ધ્વારા આપવામાં આવશે. ભાગ લેવા માટે રૂ.૧૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરીને તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. રજીસ્ટ્રેશન ફી પરત મળવા પાત્ર રહેશે નહીં. નામ નોંધણી ગોરધન પટેલ કવિ મો.નં. ૯૮૨૫૨૪૩૩૫૫ અને કપિલ ગોર મો. નં. ૭૮૭૪૭૯૯૪૩૯નો સંપર્ક કરીને કરાવવાની રહેશે.

## મહિલા પહેલવાનોના યૌનશોષણ કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહ નિર્દોષ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩ : દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણી કેસમાં ભારતીય કુસ્તી મહાસંઘના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા છે. ૨૦૨૩માં આ આરોપો સામે આવ્યા બાદ જંતર-મંતર પર ધરણાં સહિત દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો થયા હતા. બ્રિજભૂષણે ચુકાદા બાદ કહ્યું કે તેમની વાત સાચી સાબિત થઈ છે.

ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)ના પૂર્વ પ્રમુખ અને છ વાર લોકસભા સાંસદ રહી ચૂકેલા બ્રિજભૂષણ શરણ સિંહને દિલ્હીની



રાઉઝ એવેન્યુ કોર્ટે રાહત આપી છે. મહિલા કુસ્તીબાજો દ્વારા લગાવાયેલા શારીરિક શોષણના ગંભીર આરોપોના મામલે કોર્ટે સોમવારે મહત્ત્વનો ચુકાદો આપતાં ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને સન્માનપૂર્વક નિર્દોષ જાહેર કર્યા છે.

આ ચુકાદો સંભળાવવામાં આવે તે પહેલાં સોમવારે સવારે જ બ્રિજભૂષણ શરણ સિંહ રાઉઝ એવેન્યુ કોર્ટ પહોંચ્યા હતા. તે સમયે તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'હું ફક્ત તે જ સાંભળીશ જે કોર્ટ કહેશે, મારા હાથમાં કશું જ નથી.'

આ ચુકાદા બાદ ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જે દિવસે મારા પર આરોપ લાગ્યા હતા, તે જ દિવસે મેં કહ્યું હતું કે જો મારા પરના આરોપો સાબિત થશે તો હું ખુશીથી ફાંસીની સજા પણ સ્વીકારી લઈશ. આજે કોર્ટે મને નિર્દોષ જાહેર કર્યો છે અને મારી વાત સાચી સાબિત થઈ છે. કોર્ટે મને નિર્દોષ મુક્ત કર્યો છે. હવે હું બસ એટલું જ કહીશ કે, જે કંઈ થવાનું હતું તે થઈ ગયું.

## ગુજરાતમાં ચોમાસુ સત્ર આગામી ૮ થી ૧૦ સપ્ટેમ્બર સુધી વિધાનસભા ગૃહ મળશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ, તા. ૩ :** ગુજરાત વિધાનસભાના ૯મા અને ચોમાસા સત્રની આજે ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સત્તાવાર જાહેરાત કરતા આહ્વાન કર્યું છે. આગામી ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર એમ ૩ દિવસ સુધી આ સત્ર મળશે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આ સત્ર અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ ત્રણ દિવસના ટૂંકા સત્ર દરમિયાન સરકારી કામકાજ, વિધેયકો (બિલો) અને પ્રશ્નોત્તરી સહિતના મહત્વના મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવશે.

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, , રાજ્યપાલના આહ્વાન બાદ હવે વિધાનસભા ચોમાસુ સત્રની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ૮ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ચાલનારા આ સત્રમાં વિવિધ સરકારી કામકાજો હાથ ધરવામાં આવશે. આ સાથે જ રાજ્ય સરકાર દ્વારા કેટલાક મહત્વના સરકારી વિધેયકો પણ ગૃહમાં રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત, સત્રના છેલ્લા દિવસનો પ્રસ્તાવ અને વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિ દ્વારા જે પણ કામો નિશ્ચિત કરવામાં આવ્યા છે, તે તમામ એજન્ડા આ ૩ દિવસના સત્ર દરમિયાન પૂરા કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ ચોમાસુ સત્રમાં પ્રજાના પ્રશ્નોને પણ પૂરતું મહત્વ આપવામાં આવશે. રાજ્યના તમામ ધારાસભ્યો પોતાના મતવિસ્તારની સમસ્યાઓ અને પ્રશ્નો ગૃહમાં સારી રીતે રજૂ કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

સત્રનું આહ્વાન થયા બાદ હવે આગામી ૧ અઠવાડિયા સુધી તમામ ધારાસભ્યો ઓનલાઈન માધ્યમથી પોતાના પ્રશ્નો વિધાનસભામાં રજૂ કરી શકશે. ધારાસભ્યો દ્વારા પૂછવામાં આવેલા આ ઓનલાઈન પ્રશ્નો પર સત્ર દરમિયાન આવતા પ્રશ્નોત્તરી કાળમાં ગૃહમાં સત્તાવાર રીતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

## ૧૦૩ શંકાસ્પદ વિસ્ફોટકો મળતાં બાંગ્લાદેશમાં હાઈ એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઢાકા, તા.૩ : બાંગ્લાદેશમાં સંભવિત બોમ્બ હુમલાની આશંકાને પગલે સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઢાકાથી ચટગાંવ સુધી વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૦૩ શંકાસ્પદ બોમ્બ અને વિસ્ફોટક જેવી વસ્તુઓ મળી આવ્યાના અહેવાલો બાદ પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલા ઈનપુટ્સને આધારે પોલીસ કર્મચારીઓ, પોલીસ સ્થાપનો અને સરકારી સંસ્થાઓને નિશાન બનાવવાનો પ્રયાસ થઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

પોલીસ મુખ્યાલયે દેશભરની તમામ જિલ્લા પોલીસ, મેટ્રોપોલિટન પોલીસ અને અન્ય સુરક્ષા દળોને વધારાની સતર્કતા રાખવા સૂચના આપી છે.

સરકારી કચેરીઓ, પોલીસ મથકો, મેટ્રો સ્ટેશનો, મુખ્ય માર્ગો અને ભીડભાડવાળા જાહેર સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઉપરાંત નિયમિત પેટ્રોલિંગની સાથે શંકાસ્પદ વાહનો અને વ્યક્તિઓની સઘન તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

તાજેતરના દિવસોમાં ઢાકાના આશુલિયા વિસ્તારમાં રિમોટ કંટ્રોલથી સંચાલિત હોવાનું માનવામાં આવતું એક શંકાસ્પદ બોમ્બ મળી આવ્યું હતું. ત્યારબાદ ૨૪ જુલાઈએ મોતીઝીલ મેટ્રો સ્ટેશનની નીચે ટાઈમર સાથેનો પાઈપ બોમ્બ મળી આવતા સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની ગઈ હતી. જોકે ફાર્મગેટ અને મીરપુર-૧૦ મેટ્રો સ્ટેશન પર મળેલી કેટલીક શંકાસ્પદ વસ્તુઓની તપાસ બાદ તે વિસ્ફોટક ન હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ સમગ્ર મામલાની તપાસ સંબંધિત સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ વિસ્ફોટક સામગ્રી કોણે મૂકી, તેનો હેતુ શું હતો અને તેની પાછળ કોઈ સંગઠિત ગેંગ અથવા આતંકી તત્વોનો હાથ છે કે નહીં તે અંગે તપાસ ચાલી રહી છે. અત્યાર સુધી અધિકારીઓએ કોઈ ચોક્કસ સંગઠનનું નામ જાહેર કર્યું નથી.

## CHANGE OF NAME

OLD NAME
BHISMA SUKETU MISTRY
NEW NAME
BHISHMA SUKETU MISTRY
ADD. H.NO,78/228, NARAYAN PARK DEVKA RD NANI
DAMAN 396210

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM SHAHENAZ LAKHANI TO NEW NAME SHAHENAZ ANIL LAKHANI AS PER DOCUMENTS

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM YASMIN RUPANI TO NEW NAME YASMIN ASHARAF RUPANI AS PER DOCUMENTS

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Public Works Department**
**NOTICE INVITING TENDER**
**Providing Remedial Measure for Basement Grade slab in Academic block of NAMO Medical College at Sayli, DNH**

| | |
|---|---|
| On line downloading start of tender documents | 30.07.2026 @ 13.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 07.08.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 07.08.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 07.08.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in e-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8189_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/486 Dtd.30/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/385 DATED :03/08/2026

---

No.MAM/KNVL/RBD-DNH/195/2026/1067 Dated: 31/07/2026

**APPLICANT - SHRI JANYA BARKE TURIYA,**
**R/o. Morpada, Velugam, DNH**
**Mob.: 8347004459/9737244877**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Surangi.**
**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Janya Barke Turiya, R/o. Morpada, Velugam, DNH has submitted an application dated 10/07/2026 seeking registration of date of death of his uncle namely Dashma Vansa Turiya, S/o. Girji Vansa Turiya, who died on 20/07/2000 at Village Morpada, Velugam, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Surangi.

Therefore, the applicant has requested to issue an order to register the death of Dashma Vansa Turiya, S/o. Girji Vansa Turiya.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

Sd/-
Circle Inspector (K)
DNH, Khanvel.

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૧૪/૨૦૨૬

**અરજદાર : મોહનભાઈ મકનભાઈ પટેલ**
કાજલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કાજલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **રડકીબેન રડકાભાઈ પટેલનું** મરણ તા.૦૨/૦૮/૧૯૯૯ના રોજ મોજે કાજલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કાજલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કાજલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કાજલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૯૬/૨૦૨૬

**અરજદાર : છગન રડકા વરઠા**
સીલ્લી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, બાબરખડક, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ઘેડીબેન છીબાભાઈ વળવીનું** મરણ તા.૧૮/૧૧/૨૦૧૭ના રોજ મોજે બાબરખડક, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત બાબરખડકના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત બાબરખડકને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી બાબરખડક ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૪૦/૨૦૨૬

**અરજદાર : જયશ્રીબેન કાંતિલાલ પટેલ**
ભીનાર ફળિયા, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ઘેલાભાઈ જેરામભાઈ પટેલનું** મરણ તા.૧૯/૦૮/૨૦૦૫ના રોજ મોજે દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૯૮/૨૦૨૬

**અરજદાર : ભીમાભાઈ નરુભાઈ વળવી**
બાબરખડક, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, બાબરખડક, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ઝબલીબેન છીબાભાઈ વળવીનું** મરણ તા.૨૭/૦૫/૨૦૦૩ના રોજ મોજે બાબરખડક, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત બાબરખડકના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત બાબરખડકને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી બાબરખડક ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૧૫/૨૦૨૬

**અરજદાર : ઈશ્વરભાઈ ભાણાભાઈ આહીર**
આહીર ફળિયા, અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **જશીબેન ભાણાભાઈ આહીરનું** મરણ તા.૦૮/૦૧/૨૦૧૯ના રોજ મોજે અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત અંભેટીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત અંભેટીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી અંભેટી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૩૨/૨૦૨૬

**અરજદાર : શંકરભાઈ કેશુભાઈ પટેલ**
મોટીતંબાડી, વડિયા ફળિયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મીનાબેન વૈરાગભાઈ પટેલનો** જન્મ તા.૦૧/૦૮/૧૯૭૩ના રોજ મોજે મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટીતંબાડીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટીતંબાડીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટીતંબાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૬/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- પવાર મુલજીભાઈ દેવજીભાઈ, રહે. જાગીરી, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, નડગધરી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પવાર મુલજીભાઈ દેવજીભાઈ**ના માતા **મયનાબેન દેવજીભાઈ પવારનું** અવસાન તા.૦૬/૦૨/૨૦૦૦નાં રોજ જાગીરી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૫/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- જાદવ કાશીરામ બેંડીયાભાઈ, રહે. જાગીરી, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, નડગધરી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જાદવ કાશીરામ બેંડીયાભાઈ**ના માતા **લખમીબેન બેંડિયાભાઈ જાદવનું** અવસાન તા.૦૫/૦૪/૨૦૦૪નાં રોજ જાગીરી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૬૯/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- શ્રીમતિ કાશીબેન રામજીભાઈ ખાંડવી, રહે.વાઘવળ, બારસી ફ. તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગૃપ ગ્રામ પંચાયત, પીંડવળ, તા.ધરમપુર જી.વલસાડ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **શ્રીમતિ કાશીબેન રામજીભાઈ ખાંડવી** રહે. વાઘવળ, બારસી ફ., તા.ધરમપુર, જી,.વલસાડના પુત્રી **નેહાબેન રામજીભાઈ ખાંડવીનો** જન્મ તા.૦૫/૦૮/૨૦૧૨નાં રોજ વાઘવળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૯૦/૨૦૨૬

**અરજદાર : ગમનભાઈ નાવજીભાઈ પટેલ**
નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કાળીદાભાઈ નાવજીભાઈ ભીંસરાનું** મરણ તા.૦૨/૦૩/૧૯૮૫ના રોજ મોજે નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નાનાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત નાનાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી નાનાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૮/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- જાદવ કાશીરામ બેંડીયાભાઈ, રહે. જાગીરી, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, નડગધરી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જાદવ કાશીરામ બેંડીયાભાઈ**ના ભાઈ **જાનાભાઈ બેંડિયાભાઈ જાદવનું** અવસાન તા.૧૦/૧૧/૧૯૯૫નાં રોજ જાગીરી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૭/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- કાંતિલાલ શિવરામભાઈ રહે. જાગીરી, નિશાળ ફ.તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, નડગધરી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **કાંતિલાલ શિવરામભાઈ**ના દાદી **કાળધુબેન સોનુભાઈનું** અવસાન તા.૦૩/૧૦/૨૦૨૩નાં રોજ જાગીરી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૮૦/૨૦૨૬

**અરજદાર : બચુભાઈ ઝીણાભાઈ આહીર,**
**રહે.** સેગવી, આહીર ફળિયા,
તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગવી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બચુભાઈ ઝીણાભાઈ આહીર,** રહે.સેગવી, આહીર ફળિયા, તા.જી.વલસાડએ તેમના દાદી **બાવીબેન લલ્લુભાઈ આહીરનું** મરણ તા.૦૬-૧૧-૧૯૫૦ના રોજ મોજે. સેગવી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૮૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૭૯/૨૦૨૬

**અરજદાર : બચુભાઈ ઝીણાભાઈ આહીર,**
**રહે.** સેગવી, આહીર ફળિયા,
તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગવી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બચુભાઈ ઝીણાભાઈ આહીર,** રહે.સેગવી, આહીર ફળિયા, તા.જી.વલસાડએ તેમના માતા **મણીબેન ઝીણાભાઈ આહિરનું** મરણ તા.૦૧-૦૭-૨૦૦૫ના રોજ મોજે. સેગવી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૭૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---













Tuesday 04, August 2026

# દમણગંગા ટાઈમ્સ

## મોહનગામમાં બાળકીની લાશ તણાઈ આવી

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં દમણગંગા નદી કિનારે મોહનગામમાં આવેલા હોળી ફળિયા ખાતે તા.૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૧:૩૦ કલાકે એક અજાણી ૧૦ થી ૧૫ દિવસીય બાળકીની લાશ તણાઈ હતી.જેના વાલી વારસોની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી જે કોઈને પણ આ અજાણી મૃત બાળકીના વાલી વારસોની ભાળ મળે તો ભીલાડ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## વલસાડ જિલ્લામાં દારૂના સંગઠિત નેટવર્કને નાથવા ગુજક્ટોક હેઠળ ૬ સામે ગુનો દાખલ

### નેટવર્કનો મુખ્ય સૂત્રધાર નીલેશ ઠાકોર સહિત ૨ની ધરપકડ, ૫ ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** દક્ષિણ ગુજરાતમાં લાંબા સમયથી સક્રિય ગેરકાયદેસર દારૂના સંગઠિત નેટવર્કને તોડવા માટે વલસાડ પોલીસે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ ગુનો નોંધી ૬ આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા જે ૬ આરોપીઓને આ ગુનામાં સંડોવવામાં આવ્યા છે. તેમાં નીલેશ ભુજેન્દ્રસિંહ ઠાકોર, કિરણ બાબુભાઈ પટેલ, ભાવેશ ઠાકોરભાઈ પટેલ, સોહન ઉર્ફે સન્ની કિશોરભાઈ પટેલ, કેયુ રોહિત ભંડારી અને પિંટુ પરશોત્તમ ઘોડિયા પટેલનો સમાવેશ થાય છે. આરોપીઓમાંથી નીલેશ ઠાકોર અને કિરણ પટેલની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તા. ૫ ઓગસ્ટ સવારે ૧૧ વાગ્યા સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ પોલીસ બંનેની સઘન પૂછપરછ કરીને સમગ્ર નેટવર્કની કડીઓ ખોલવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે આ આરોપીઓએ સંગઠિત ટોળકી બનાવીને ગુજરાતની બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તેનું વિતરણ અને વેચાણ કરતા હતા. પોલીસનું કહેવું છે કે આ ટોળકી માત્ર દારૂના વેપાર પૂરતી મર્યાદિત નહોતી. ટોળકી ધાકધમકી, મારામારી, દસ્તાવેજી ગુનાઓ અને હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુનાઓમાં પણ સંડોવાયેલી હતી. ગેરકાયદેસર પ્રવૃત્તિથી મેળવેલી કરોડોની આવકનો ઉપયોગ આરોપીઓ મિલકતો ખરીદવા અને અન્ય ગેરકાયદેસર કાર્યોમાં કરતા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં નીલેશ ભુજેન્દ્રસિંહ ઠાકોર આ સમગ્ર નેટવર્કનો મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસ માની રહી છે.

પોલીસ રેકોર્ડ મુજબ નીલેશ ઠાકોર સામે ૩૨, કિરણ પટેલ સામે ૨૩, ભાવેશ પટેલ સામે ૧૪, સોહન ઉર્ફે સન્ની પટેલ સામે ૪૧, કેયુ ભંડારી સામે ૨૫ અને પિંટુ પટેલ સામે ૧૩ ગુના અગાઉથી નોંધાયેલા છે.

ગુજક્ટોક એટલે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ. આ કાયદો ૨૦૧૫માં પસાર થયો અને ૨૦૧૯માં અમલમાં આવ્યો. સંગઠિત ગુનાખોરી, ખંડણી, જમીન કબજા, ડ્રગ્સ અને મોટા પાયે બુટલેગિંગ જેવા ગુનાઓમાં તેનો ઉપયોગ થાય છે. આ કાયદા હેઠળ ઓછામાં ઓછી ૫ વર્ષથી લઈ આજીવન કેદ અને લાખોનો દંડ તથા ગેરકાયદેસર મિલકત જપ્ત કરવાની જોગવાઈ છે.

## ઘડોઈમાં દીપડાનો પરિવાર દેખાતાં ગ્રામજનોમાં ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ તાલુકાના ઘડોઈ ગામમાં રાત્રિના સમયે દીપડાનો પરિવાર જોવા મળતા ગામ નજીક એકસાથે અનેક દીપડાઓ દેખાતા સ્થાનિક રહીશો અને ગ્રામજનોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. રાત્રિના સમયે દીપડાઓની ચહલપહલનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ગામના સીમ વિસ્તારમાં એકથી વધુ દીપડાઓ સક્રિય હોવાનું સામે આવતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગ્રામજનો દ્વારા એકબીજાને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ બાળકોને એકલા બહાર ન મોકલવા અપીલ કરવામાં આવી રહી છે.

ગ્રામજનોની માંગ સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ માંગ કરી છે કે દીપડાઓને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી જંગલ તરફ ખસેડવામાં આવે અને ગામમાં રાત્રિ પેટ્રોલિંગ વધારવામાં આવે એવી માંગ કરી છે.?ઘટનાની જાણ થતાં જ વન વિભાગને તાત્કાલિક માહિતી આપવામાં આવી હતી. વન વિભાગની ટીમ દ્વારા હાલ આ વિસ્તાર પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાપી હાઈવે પર ટ્રાવેલ્સ બસો માટે નવી પિકઅપ-ડ્રોપ જગ્યા નક્કી કરાઈ

### ગુંજન ચાર રસ્તા અને GIDC બ્રિજ પાસે બસ ઉભી રાખવા પોલીસની સૂચના, ટ્રાવેલ્સ સંચાલકો સાથે બેઠક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપી NH-૪૮ પર ગુંજન ચાર રસ્તા નજીક આવેલી ટ્રાવેલ્સની ઓફિસો સામે સર્વિસ રોડ પર મુંબઈ-સુરત અને સુરત-મુંબઈ જતી લક્ઝરી બસો દ્વારા મોટા પ્રમાણમાં મુસાફરોને ચઢાવવા-ઉતારવાને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પોલીસ તંત્રએ મહત્વનો નિર્ણય લીધો છે.

આ સમસ્યાના ઉકેલ માટે સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ આઈપીએસ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શનમાં નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે, વાપી વિભાગના અધ્યક્ષસ્થાને વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.વી. કાનાણી દ્વારા વાપી ખાતે ખાનગી ટ્રાવેલ્સના સંચાલકો સાથે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં આશરે ૨૦થી ૨૫ ટ્રાવેલ્સ સંચાલકો ઉપસ્થિત રહ્યા હતાં.

બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે હવેથી સુરતથી મુંબઈ તરફ જતી તમામ ટ્રાવેલ્સ બસો મુસાફરોને ગુંજન ચાર રસ્તા બ્રિજ પુરો થયા બાદ સર્વોત્તમ હોટલની સામેની જગ્યાએથી પિકઅપ અને ડ્રોપ કરશે. જ્યારે મુંબઈથી સુરત તરફ આવતી બસો જીઆઈડીસી બ્રિજ પુરો થયા બાદ હોટલ તોરલની સામેની જગ્યાએથી મુસાફરોને બેસાડશે અને ઉતારશે.

નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેએ તમામ ટ્રાવેલ્સ સંચાલકોને સૂચના આપી કે નિયત કરેલી જગ્યાએ જ બસ ઉભી રાખી મુસાફરોને લેવા-મૂકવા. સાથે જ ડ્રાઈવરો અને સ્ટાફમાં જાગૃતિ લાવી મુસાફરોની સુરક્ષા જાળવવી, ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અને નશાકારક પદાર્થનું સેવન ન કરવું તેવી કડક સૂચનાઓ પણ આપવામાં આવી હતી. પોલીસના આ નિર્ણયથી ગુંજન ચાર રસ્તા વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**ગૌચરની જમીન ખોદકામ સામે અવાજ ઉઠાવનાર**

## પારનેરામાં ગ્રા.પં.ના સભ્યોને ધમકી મળતાં એસપીમાં રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ તાલુકાના પારનેરા ગ્રામ પંચાયત સભ્ય વિરેન્દ્ર વિનોદભાઈ શોભા એ વલસાડ જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી કે વલસાડ તાલુકાના પારનેરા પારડી ચિચવાડા જૂથ ગ્રામ પંચાયતની હદમાં ગૌચરની જગ્યા સર્વે નંબર ૩૧૦ અને ૩૧૧માં આવેલી છે. જોકે આજ વિસ્તારમાં સુરતના એક બિલ્ડર દ્વારા મોટી જમીન ખરીદી કર્યા બાદ તેમાં મોટો પ્રોજેક્ટ કરવાની તજવીજ હાથ ધરી છે. જોકે આ પ્રોજેક્ટ માટે ૪૦ ફૂટનો રસ્તો બનાવવા માટે ગૌચરની જગ્યામાંથી ખોદકામ શરૂ કરાયું હતું. આ ખોદકામનો વિરોધ કરવામાં આવતા તેને ત્રાહિત ઈસમે ફોન કરી બોલાચાલી કરી હતી, જે અંગે પંચાયતમાં લેખિત રજૂઆત કરવામાં આવી હતી. પારનેરા ગ્રામ પંચાયત સભ્ય વિરેન્દ્ર શોભાએ આક્ષેપ કર્યો છે કે, ભૂતકાળમાં પંચાયતના ભ્રષ્ટાચાર ઉજાગર કરવા બદલ પણ તેમને ધમકીઓ મળી હતી.

ગૌચર અને ભ્રષ્ટાચારની અદાવત રાખીને કેટલાક ત્રાહિત ઈસમો તથા હિતધરાકો દ્વારા તેમના પર જીવલેણ હુમલો કરી 'ખાટલા વશ' કરી દેવાનો માસ્ટરપ્લાન ઘડાયો હોવાની ચોક્કસ માહિતી તેમને મળી છે. જો મારી કે મારા પરિવાર સાથે કોઈ પણ અપ્રિય બનાવ બનશે, તો તેની સંપૂર્ણ જવાબદારી આ અસામાજિક તત્વો અને સંકળાયેલા લોકોની રહેશે. આવા ઈસમો કડક કાર્યવાહી અને રક્ષણની માંગ કરી છે.

## વાપીનાં શિવાલયોમાં ઉ.ભા.નાં શ્રાવણના પ્રથમ સોમવારે ભાવિકો ઉમટ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩ :** ગુજરાતના વાપી તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા-નગર હવેલીની ઔદ્યોગિક વસાહતોમાં રોજગાર અને વ્યવસાય માટે વસવાટ કરતા ઉત્તર ભારતીય સમાજ માટે શ્રાવણ માસનું વિશેષ ધાર્મિક મહત્વ છે. આજે પ્રથમ સોમવાર હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

વાપીના સિદ્ધનાથ મહાદેવ મંદિર, નામધા સ્થિત ગુપ્તેશ્વર મહાદેવ મંદિર, કુંતા ગામના કુંતેશ્વર મહાદેવ મંદિર, રાતાના રામેશ્વર અને લવાછાના રામેશ્વર મહાદેવ મંદિરે તેમજ દમણના કચીગામ ગામે આવેલ કંટેશ્વર મહાદેવ મંદિર તેમજ ડાભેલના સોમનાથ મહાદેવ મંદિરમાં મોટી સંખ્યામાં યુવાનો,





યુવતીઓ, મહિલાઓ અને વડીલોએ ભગવાન શિવની પૂજા-અર્ચના કરી હતી.

મંદિરોમાં વહેલી સવારથી જ દિવસભર હર હર મહાદેવ અને બમ બમ ભોલેના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. અનેક ભક્તોએ ઉપવાસ રાખી ભગવાન શિવને જળ, દૂધ, બિલ્વપત્ર અને ફૂલ અર્પણ કરીને પરિવારના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. મંદિરોમાં દર્શનાર્થીઓની સુવિધા માટે જરૂરી વ્યવસ્થાઓ મંદિરના સંચાલકો અને ટ્રસ્ટીઓ તેમજ સ્વયંસેવકો તથા પૂજારી દ્વારા કરવામાં આવી હતી.

## વાપીના ડ્રગ્સના રીઢા આરોપીને અમદાવાદ જેલમાં ધકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર ડ્રગ્સના ધંધા સામે પોલીસે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. ડ્રગ્સની હેરાફેરીમાં વારંવાર સંડોવાતા રીઢા આરોપીને PIT-NDPS કાયદા હેઠળ અટકાયતમાં લઈને અમદાવાદની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.



વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાના આદેશથી જિલ્લામાં નશાના વેપારીઓ સામે કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે SOGની ટીમે વાપીના ડુંગરા વિસ્તારના પીરમોરા નગરમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના વતની ચંદન ઉર્ફે સોનુ સોની ઉ.વ. ૨૬ની અટકાયત કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપી ચંદન સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ડ્રગ્સ સંબંધિત બે અલગ-અલગ ગુના નોંધાયેલા છે. વારંવાર આવા ગુનાઓમાં સંડોવાતા હોવાથી ભવિષ્યમાં તે ડ્રગ્સનો ધંધો ન કરી શકે તે માટે તેની સામે PIT-NDPS હેઠળ અટકાયતની દરખાસ્ત તૈયાર કરીને ગુજરાત ઘ્જ્ઞ ક્રાઈમને મોકલવામાં આવી હતી.

દરખાસ્ત મંજૂર થયા બાદ લ્બ્ઞ્ વલસાડના પીઆઈ ડી.ડી. પરમારના માર્ગદર્શન અને પીએસઆઈ એસ.આર. સુસલાદેની ટીમે તા.૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૧૦ વાગ્યે આરોપીને તેના ઘરેથી અટકાયતમાં લીધો. બાદમાં તેને અમદાવાદની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. PIT-NDPSના આ કાયદા હેઠળ વારંવાર ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદેસર વેચાણમાં સંડોવાતા લોકોને ૧ વર્ષ સુધી વહીવટી ધોરણે અટકાયતમાં રાખવામાં આવે છે, જેથી તેઓ ફરીથી ગુના ન કરી શકે.

## રાતા ખાડીના કોઝવેમાં ન્હાવા પડેલો યુવક તણાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપી નજીક રાતા ખાડીમાં રવિવારે સાંજે ન્હાવા પડેલો યુવક તણાઈ ગયો હતો. જેની આજે બીજા દિવસે પણ લશ્કર દ્વારા શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વાપી નજીક રાતા ખાડીમાં છીરીનો દીપક પાંડે નામનો ૨૬ વર્ષીય યુવક ખાદીના કોઝવેમાં રવિવારે સાંજે ન્હાવા પડ્યો હતો. જેમાં અચાનક પાણીનો પ્રવાહ વધતા તણાઈ ગયો હતો. ઘટનાની જાણ વાપી ફાયર બ્રિગેડ વિભાગને થતાં શોધખોળ હાથ ધરી હતી.

મોડી સાંજ સુધી કોઈ ભાળ ન મળતા આજે બીજા દિવસે પણ લશ્કર દ્વારા ખાડીમાં શોધખોળ હાથ ધરી પરંતુ બીજા દિવસે પણ મોડી સાંજ સુધી યુવકની કોઈ ભાળ મળી નથી.

## બીલીમોરા કેળવણી મંડળનો ૫૦ વર્ષનો ડેટા પાણીમાં ગરકાવ !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદ અને નદીમાં આવેલા પૂરે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શાળાઓ, કોલેજો, જીમખાના અને સ્ટાફ ક્વાર્ટર્સમાં ભારે તારાજી સર્જી છે. કેમ્પસ નદી કિનારે આવેલું હોવાથી ૫ થી ૭ ફૂટ સુધીના પાણી ભરાઈ ગયા હતા, જેના ચિંતાજનક પ્રવાહમાં કોલેજથી શાળા સુધીનો જમીનનો મોટો ભાગ ધોવાઈ ગયો છે. તથા કેમ્પસના મોટા વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા છે. છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર બનેલી આ હોનારતમાં સંસ્થાના કમ્પ્યુટર્સ, ઝેરોક્ષ મશીનો, એસી, માઈક-સંગીતના સાધનો, ઈન્વર્ટર, જીમના ઈલેક્ટ્રિક-નોન ઈલેક્ટ્રિક સાધનો અને રમતગમતની સામગ્રી સંપૂર્ણપણે



પાણીમાં ગરકાવ થઈને નષ્ટ થઈ ગઈ છે. આ પૂરને કારણે સૌથી મોટું નુકસાન સંસ્થાના વહીવટી અને શૈક્ષણિક રેકોર્ડને થયું છે, જેમાં દાયકાઓ જૂનો ફિઝિકલ ફાઈલ ડેટા, અગત્યના હિસાબી ચોપડાઅને લોખંડ લાકડાના કબાટોમાં સુરક્ષિત રખાયેલી ફાઈલો પલળીને નાશ પામી છે. આ ઉપરાંત તમામ ફર્નિચર, બેન્ચો, પંખા અને રમતગમતના ડેટાને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ અચાનક આવી પડેલી કુદરતી આફતના લીધે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ પર ખૂબ જ મોટો આર્થિક બોજો આવી પડ્યો છે, અને સમગ્ર કેમ્પસના માળખાકીય તંત્ર તેમજ ડેટાને પુનઃ પૂર્વવત કરવા માટે મંડળને મોટા પાયે આર્થિક સહયોગની જરૂરિયાત ઊભી થઈ છે.

## સિંગાડ ગ્રા.પં.માં મનરેગા કૌભાંડમાં સરપંચ બરતરફ, રૂા. ૮.૩૨ લાખની રિકવરીનો આદેશ

(દમણગંગા ટાઈમ્સ)

**વાંસદા, તા.૦૩ :** વાંસદા તાલુકાની સિંગાડ ગ્રામ પંચાયતમાં મનરેગા હેઠળ થયેલી ગેરરીતિઓના કેસમાં તાલુકા વિકાસ અધિકારીએ રૂા. ૮,૩૨,૪૪૦ની રિકવરી તાત્કાલિક પૂર્ણ કરવાનો આદેશ કર્યો છે. જિલ્લા વિકાસ અધિકારીની તપાસમાં અનેક અનિયમિતતાઓ બહાર આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. કેસમાં સરપંચ ઉમાબેનને ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓ હેઠળ પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. પંચાયતનું કામકાજ ચાલુ રહે તે માટે ઉપસરપંચને સરપંચનો ચાર્જ સોંપાયો છે.અધિકૃત મુક્ત કરવા, મેટને બ્લેકલિસ્ટ કરવા અને ગ્રામ રોજગાર સેવકને કારણદર્શક નોટિસ આપવા માટે પણ નિર્દેશ કરાયા છે. તાલુકા વિકાસ અધિકારીએ અગાઉ આપવામાં આવેલી સૂચનાઓ અને નોટિસો છતાં રિકવરીની કાર્યવાહી પૂર્ણ ન થતાં અંતિમ ચેતવણી આપી છે. સમયમર્યાદામાં વસૂલાત નહીં થાય તો કાયદેસરની કાર્યવાહી કરાશે તેવું પણ જણાવાયું છે. આ કેસ હવે મનરેગાની ગેરરીતિ સુધી સીમિત ન રહી ગ્રામ પંચાયતના વહીવટ, જવાબદારી અને પારદર્શિતા અંગે પ્રશ્નો ઊભા કરી રહ્યો છે. સ્થાનિકો હવે આગળની કાર્યવાહી પર નજર રાખી રહ્યાં છે.

## વલસાડ સિવિલમાં લાંબી સારવાર બાદ વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ સિવિલ હોસ્પિટલમાં તા. ૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ એક અજાણ્યા ૬૦ વર્ષીય વૃધ્ધને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જેનું તા.૨૧ જુલાઈ ૨૦૨૬ના રોજ લાંબી સારવાર બાદ મોત નિપજ્યુ હતુ. જેના કોઈ વાલી વારસો પોલીસને મળી આવ્યા ન હતાં. મરણ જનારે શરીરે કોઈ વસ્ત્ર પહેર્યુ ન હતું. દાઢીના વાળ સફેદ, ચહેરો ગોળ આકાર, રંગ ઘઉંવર્ણ અને પાંચ ફૂટ છ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતક વૃધ્ધના વાલી વારસો મળી આવે તો વલસાડ સિટી પોલીસ મથકે ફોન નં. ૦૨૬૩૨-૨૪૪૨૩૩ અથવા તો મો.નં.૯૯૨૪૧ ૯૨૯૯૮ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

**મોડાસા એકડા વીસા ખડાયતા**

**પ્રાર્થનાસભા (વાપી)**



અમારા પૂ. માતૃશ્રી શકુન્તલાબેન વલ્લભદાસ શાહનું ગોલોક વાસ તા. ૨૮ જૂલાઈ, ૨૦૨૬ના રોજ થયેલ છે

સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૦૪ ઓગસ્ટ, ૨૦૨૬ - મંગળવાર ના રોજ વાપી ખાતે રાખવામાં આવેલ છે

| | |
|---|---|
| સ્વ. વિનય વલ્લભદાસ શાહ | અંજના વિનય શાહ |
| ભરત વલ્લભદાસ શાહ | તેજલ ભરત શાહ |
| અજય વલ્લભદાસ શાહ | સોનલ અજય શાહ |
| પૂર્ણિમા ચેતન શાહ (પુત્રી) | રાગિણી ચેતન મહેતા (પુત્રી) |

મૌલિક વિનય શાહ

મિત અજય શાહ

સમય : સાંજે ૪ થી ૬

સ્થળ : ગોકુલ વિહાર કલબ હાઉસ હોલ, ગોકુલ વિહાર ટાઉનશીપ, ને.હા. નં. ૪૮ વાપી

Mo. : 9824154127 I 9427461766

## વલસાડમાં ખેંચ આવતા યુવકનું મોત

**વલસાડ, તા. ૦૩ :** વલસાડના ટાવર પાસે તા. ૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૪-૦૦ કલાકે એક અજાણ્યા ૩૧ વર્ષીય યુવકને ખેંચ આવતા સારવાર અર્થે ૧૦૮ મારફત કસ્તુરબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સાંજે ૭-૧૦ કલાકે સારવાર દરમિયાન અજાણ્યા યુવકનું મોત નિપજ્યુ હતું. જેના વાલી વારસોના કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતકે શરીરે શર્ટ પહેર્યો ન હતો. કમરે કાળા કલરનું પેન્ટ પહેર્યુ હતું. છાતી પર ''મા'' નામનું ટેટુ દોરાવ્યું હતું. જે શરીરે ગોળ ચહેરો, ઘઉંવર્ણ, પાતળો બાંધો અને પાંચ ફૂટ સાત ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસોની ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ મથકે ફોન નં. ૦૨૬૩૨-૨૪૪૨૩૩ અથવા તો મો.નં. ૯૯૨૪૧ ૯૨૯૯૮ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ઉદવાડાનાં દરિયા કાંઠે યુવકની લાશ મળી

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા ગામમાં જીમખાનાની બાજુમાં આવેલા દરિયાના પાણીમાંથી અજાણ્યા ૩૫ થી ૪૦ વર્ષીય અજાણ્યા યુવકની લાશ તા. ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યા પહેલા તણાઈ આવી હતી. જેની જાણ પારડી પોલીસને થતા સ્થળ પર આવી મૃતકના વાલી વારસોની શોધખોળ આદરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી ગુમ થનારના વાલી વારસોની ભાળ મળે તો પારડી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## વલસાડનો ઈસમ એક વર્ષ માટે તડીપાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૩ :** વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, મદદનીશ પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબી ટીમ દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત વલસાડ સીટી, વલસાડ રૂરલ અને પારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સતત અસામાજિક અને ગુનાહિત પ્રવૃત્તિઓ આચરી સામાન્ય જનતામાં દહશેત ઊભી કરનાર ઈસમ રીતેશભાઈ ભરતભાઈ દેસાઈ રહે.નાની ખત્રીવાડ, અંકુર એપાર્ટમેન્ટ, ચોથા માળે તા.જી.વલસાડ



સામે પ્રોહી. પર્સન તરીકે તડીપાર હેઠળની કાર્યવાહી કરવા સારૂ તેના વિરૂધ્ધમા નોંધાયેલ ગુન્હાના કાગળો એકઠા કરી તડીપાર દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

એલસીબી દ્વારા તૈયાર કરાયેલી તડીપાર દરખાસ્ત નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, વલસાડ સમક્ષ મોકલવામાં આવી હતી. જે દરખાસ્ત મંજૂર રાખીને નાયબ કલેક્ટરે આ અસામાજિક તત્વને વલસાડ જિલ્લાની હદમાંથી એક વર્ષ માટે તડીપાર કરવાનો હુકમ કર્યો છે. આ હુકમના આધારે એલસીબીની ટીમ દ્વારા ઈસમને વલસાડ જિલ્લાની હદમાંથી બહાર કરી તડીપારીની અમલવારી કરાવવામાં આવી છે. આરોપી સામે પારડી, વલસાડ રૂરલ, વલસાડ સીટી, જાંબુ ઘોડા, અંબલિયા પોલીસ મથક માં ફરિયાદ નોંધાય હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**